અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ જૂન ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૧૧ | અંક : ૩૦૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## સાતમાં તબક્કામાં સરેરાશ ૫૮.૩૪ ટકા મતદાન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં શનિવારે ૮ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૫૭ બેઠકો પર મતદાન થયું હતું. જેમાં વારાણસી બેઠક પણ સામેલ છે, જ્યાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. આ સિવાય પંજાબની તમામ ૧૩, હિમાચલ પ્રદેશની ૪, ઉત્તર પ્રદેશની ૧૩, પશ્ચિમ બંગાળની ૯, બિહારની ૮, ઓડિશાની ૬ અને ઝારખંડની ૩ બેઠકો પર મતદાન થયું હતું. લોકસભા ચૂંટણીના સાતમા તબક્કા હેઠળ આજ સવારથી આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૫૭ લોકસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, સાતમા તબક્કામાં ૫ વાગ્યા સુધી સરેરાશ ૫૮.૩૪ ટકા મતદાન થયું છે. સૌથી વધુ ઝારખંડમાં થયું છે. જ્યારે સૌથી ઓછુ બિહારમાં વોટિંગ થયું છે. હિમાચલ પ્રદેશના મંડી લોકસભા મતવિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર કંગના રણૌતે મતદાન કર્યા પછી કહ્યું, મેં હમણાં જ મારો મત આપ્યો છે. હું લોકોને અપીલ કરવા માંગુ છું કે લોકશાહીના ઉત્સવમાં ભાગ લે અને પોતાના મતાધિકારનો ઉપયોગ




કરે. હિમાચલ પ્રદેશમાં વડાપ્રધાન મોદીની લહેર છે, મને આશા છે કે મંડીના લોકો મને આશીર્વાદ આપશે અને અમને રાજ્યની તમામ ૪ બેઠકો મળશે... હિમાચલ પ્રદેશની ૪ બેઠકો ‘૪૦૦’ને પાર કરવામાં મદદ કરશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૪ પર એક પોસ્ટમાં લખ્યું, ’લોકતંત્રના આ મહાન તહેવારમાં આજે દેશ છેલ્લા તબક્કામાં મતદાન કરશે. આપ સૌને લોકશાહી અને બંધારણની રક્ષા માટે મોટી સંખ્યામાં તમારા મતદાન અધિકારનો ઉપયોગ કરવા વિનંતી છે. જાતે મત આપવા જાઓ અને તમારા પડોશના લોકોને તમારી સાથે લઈ જાઓ. સરમુખત્યાર હારશે, લોકશાહી જીતશે.’ પૂર્વ ભારતીય ક્રિકેટર અને આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાંસદ હરભજન સિંહે જલંધરના એક મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો. મત આપ્યા પછી, હરભજને કહ્યું કે, ’મને આશા છે કે લોકો મોટી સંખ્યામાં મતદાન કરવા આવશે અને હું ઈચ્છું છું કે જલંધરમાં વધુમાં વધુ મતદાન થાય. આ આપણી ફરજ છે. એવી સરકાર લાવવી જોઈએ જે લોકો માટે કામ કરી શકે. હું હું બિલકુલ વીઆઈપી નથી, વીઆઈપી કલ્ચરનો અંત આવવો જોઈએ જો કોઈ લંગર માટે કતારમાં ઊભો રહી શકે તો તે અહીં પણ ઊભો રહી શકે છે.’ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મતદાન કર્યા બાદ કહ્યું, આ લોકશાહીનો તહેવાર છે.

### લોકસભાની ચૂંટણી પૂરી થતા જ એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા

# ભાજપની આગેવાની હેઠળ એનડીએને પ્રચંડ બહુમતી મળશે તેવી આગાહી

## ઈન્ડિયા ન્યૂઝ - ડી ડાયનેમિક્સના એક્ઝિટ પોલ પ્રમાણે એનડીએને ૩૭૧ બેઠકો અને ઈન્ડિયા એલાયન્સને ૧૨૫ બેઠકો મળી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

લોકસભાની ચૂંટણી પૂરી થતા જ એક્ઝિટ પોલ જાહેર થઈ ગયા છે જેમાં ભાજપની આગેવાની હેઠળ એનડીએને પ્રચંડ બહુમતી મળશે તેવી આગાહી કરવામાં આવી છે. જન કી બાતનો એક્ઝિટ પોલ દર્શાવે છે કે એનડીએને ૩૭૭ બેઠકો મળી શકે છે જે ગયા વખતની બેઠક કરતા પણ વધુ હશે. ૨૦૧૯માં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી. છ અઠવાડિયા સુધી ચાલેલી લોકભાની ચૂંટણી પૂરી થઈ છે અને ચોથી જૂને મત ગણતરી થાય તે અગાઉ એક્ઝિટ પોલમાં ભાજપને વિજેતા પણ જાહેર કરી દેવાયો છે. અત્યાર સુધીમાં જે ડેટા આવ્યો છે તેમાં ઈન્ડિયા ન્યૂઝ - ડી ડાયનેમિક્સના પોલ પ્રમાણે એનડીએને ૩૭૧ બેઠકો અને ઈન્ડિયા એલાયન્સને ૧૨૫ બેઠકો મળી શકે છે. જન કી બાતનો દાવો છે કે એનડીએ ૩૬૨થી ૩૯૨ બેઠકો જીતશે જ્યારે ઈન્ડિયા ગઠબંધનને ૧૪૧થી ૧૬૧ બેઠકો મળી શકે છે. ત્યાર પછી ન્યૂઝ નેશને એનડીએને એક્ઝિટ પોલમાં ૩૪૨થી ૩૭૮ બેઠકો આપી છે અને ઈન્ડિયા ગઠબંધનને ૧૫૩થી ૧૬૯ બેઠક આપી છે. રિપબ્લિક ભારત એનડીએને ૩૬૮ બેઠક અને ઈન્ડિયા ગઠબંધનને ૧૨૫ બેઠક આપે છે. ચાણક્યના એક્ઝિટ પોલ પ્રમાણે ઉત્તરાખંડમાં ભાજપ તમામ પાંચ બેઠકો પર જીતશે. આ એક્ઝિટ પોલમાં ભાજપને ઉત્તરાખંડમાં ૫૯ ટકા વોટશેર આપવામાં આવ્યો છે જ્યારે કોંગ્રેસને ૩૨ ટકા વોટ શેર મળશે, પરંતુ એક પણ બેઠક જીતી નહીં શકે.

### ભાજપ ગુજરાતની તમામ ૨૬ બેઠકો ભાજપ જીતી શકે છે

લોકસભા ચૂંટણીનું સાત તબક્કાનું મતદાન પૂરૂં થતાં જ હવે એક્ઝિટ પોલ્સના આંકડા પણ સામે આવી ગયા છે. વિવિધ એક્ઝિટ પોલ્સમાં દ્રફ્છને ૩૬૦થી વધુ બેઠકો મળે તેવી આગાહી કરવામાં આવી છે, ત્યારે ભાજપના ગઢ અને હિન્દુત્વની પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં સતત ત્રીજીવાર ભાજપ તમામ ૨૬ લોકસભા બેઠક જીતી શકે છે. ટુડેઝ ચાણક્યના એક્ઝિટ પોલ્સ અનુસાર ગુજરાતની તમામ બેઠકો પર ભગવો લહેરાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. આ ઉપરાંત ફ્ર અને ન્યૂઝ ૨૪ના એક્ઝિટ પોલ્સમાં પણ ભાજપને ગુજરાતની તમામ બેઠકો પર વિજય મળે તેવું જણાવાયું છે. આ ઉપરાંત એબીપી ન્યૂઝ સી વોટર, ઈન્ડિયા ટીવી-CNX, ટાઈમ્સ નાઉ, ઈન્ડિયા ટૂડે અને ઝી ન્યૂઝે પણ ગુજરાતની તમામ બેઠકો પર ભાજપના વિજયનો દાવો કર્યો છે. ઉલ્લેખનીય છે કે ભાજપે સુરત બેઠક બિનહરિફ જીતી લીધા બાદ રાજ્યની ૨૫ લોકસભા બેઠકો પર ૦૭ મેના રોજ મતદાન થયું હતું, જેમાં એવરેજ ૬૦ ટકા જેટલું વોટિંગ થયું હતું. મોટાભાગના એક્ઝિટ પોલ્સમાં ભાજપ ગુજરાતમાં ક્લીન સ્વીપ કરશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે તો બીજી તરફ મેટ્રીઝના સરવેમાં ભાજપને બે સીટોનું નુક્સાન થઈ શકે છે તેવો દાવો કરાયો છે. હવે જો ભાજપને મળનારા સંભવિત વોટ્સની વાત કરવામાં આવે તો ઈન્ડિયા ટૂડેના એક્ઝિટ પોલ્સ અનુસાર ગુજરાતમાં ભાજપને ૬૩ ટકા જેટલા વોટ્સ મળી શકે છે. આ અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯માં થયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપે ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. જોકે, ૨૦૨૪માં ક્ષત્રિય આંદોલન ઉપરાંત આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે થયેલા ગઠબંધન બાદ બનાસકાંઠા, આણંદ, વલસાડ, ભરૂચ અને સુરેન્દ્રનગર જેવી બેઠકો પર ભાજપને કાંટાની ટક્કર મળે તેવી શક્યતા વર્તાતી હતી. ૨૦૨૨માં જ ગુજરાતમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રેકોર્ડ ૧૫૬ બેઠકો જીતી હતી, અને લોકસભા ચૂંટણી પહેલા જ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ તેમજ ધારાસભ્યો રાજીનામાં આપીને ભાજપમાં જોડાઈ ગયા હતા. જોકે, ભરૂચ અને ભાવનગર જેવી બેઠક પર આમ આદમી પાર્ટીએ ખાસ્સી મહેનત કરી હતી જ્યારે બનાસકાંઠા, વલસાડ તેમજ આણંદ જેવી બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે જોરદાર પ્રચાર કર્યો હતો. આ ઉપરાંત સાબરકાંઠા તેમજ વડોદરા જેવી બેઠકો પર ભાજપે કદાચ પહેલીવાર પોતાના જાહેર કરાયેલા ઉમેદવારોને પાછા ખેંચવાની ફરજ પડી હતી. આ બંને બેઠકો પર જાહેર કરાયેલા નવા ઉમેદવારો સામે પણ નારાજગી જોવા મળી હતી.

### ગઠબંધનની બેઠક બાદ મલ્લિકાર્જુન ખડગેનો હુંકાર

## I.N.D.I.A. એલાયન્સ ૨૯૫થી વધુ સીટો જીતશે : કોંગ્રેસ અધ્યક્ષ

### બેઠક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે યોજાઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧ ।

લોકસભા ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કાના મતદાન વચ્ચે દિલ્હીમાં I.N.D.I.A. ગઠબંધનની મોટી બેઠક યોજાઈ હતી. આ પછી ગઠબંધનના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો હતો કે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં I.N.D.I.A. એલાયન્સ ૨૯૫થી વધુ સીટો જીતશે.આ બેઠક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે યોજાઈ હતી. જેમાં લોકસભા ચૂંટણીની સમીક્ષા કરવામાં આવી હતી. ખડગેએ જણાવ્યું કે આ બેઠક લગભગ અઢી કલાક ચાલી જેમાં ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. આજની બેઠકમાં I.N.D.I.A. ના ઘણા નેતાઓ હાજર



રહ્યા હતા. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, કે.સી. વેણુગોપાલ, સપાના વડા અખિલેશ યાદવ, એનસીપીના નેતા શરદ પવાર, જિતેન્દ્ર આવ્હાડ, આપ સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના સીએમ ભગવંત માન, સંજય સિંહ, રાઘવ ચઢ્ઢા, ડીએમકેના ટી.આર. બાલુ, આરજેડીમાંથી તેજસ્વી યાદવ અને સંજય યાદવ, જેએમએમમાંથી ચંપાઈ સોરેન અને કલ્પના સોરેન, નેશનલ કોન્ફરન્સમાંથી ફારૂક અબ્દુલ્લા, સીપીઆઈમાંથી ડી. રાજા, સીપીઆઈ(એમ)માંથી સીતારામ યેચુરી, શિવસેના (ઉદ્ધવ જૂથ)માંથી અનિલ દેસાઈ, CPI(ML) તરફથી ML દિપાંકર ભટ્ટાચાર્ય અને બિહારની VIP પાર્ટીમાંથી મુકેશ સાહની હાજર રહ્યા હતા.

### અરવિંદ કેજરીવાલને તિહાડ જેલમાં કરવું પડશે સરન્ડર

। નવીદિલ્હી,તા.૧ ।

દિલ્હીની દારૂની નીતિ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આંચકો લાગ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કોર્ટમાંથી રાહત મળી નથી. કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી પર ચુકાદો આપ્યો નથી. આ જોતાં કેજરીવાલે આવતીકાલે ૨, જૂને તિહાર જેલમાં જઈને સરેન્ડર કરવું પડશે. વાસ્તવમાં કોર્ટે ૧૦ મેના રોજ ચૂંટણી પ્રચાર માટે અરવિંદ કેજરીવાલને ૨૧ દિવસના વચગાળાના જામીન પર મુક્ત કર્યા હતા.

### આનો લાભ ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડર પર જ મળશે

## એલપીજી સિલિન્ડરના ભાવમાં ફરી થયો ઘટાડો, સતત ત્રીજા મહિને ગ્રાહકોને ફાયદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કા પહેલા એલપીજી ગ્રાહકોને મોટી રાહત મળી છે. સરકારી તેલ અને ગેસ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એલપીજી સિલિન્ડરની કિંમતમાં સતત ત્રીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. આ રીતે ચૂંટણી પ્રક્રિયા શરૂ થયા બાદ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ત્રણ વખત ઘટાડો થયો છે. સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, આજથી દેશના વિવિધ શહેરોમાં એલપીજી સિલિન્ડરની કિંમતમાં લગભગ ૭૦



રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, આ કપાતનો લાભ માત્ર ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડર પર જ મળશે. આ વખતે પણ ઘરેલુ ઉપયોગ માટેના એલપીજી સિલિન્ડરની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત ૬૯.૫૦ રૂપિયા ઘટીને ૧૬૭૬ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ એપ્રિલ મહિનામાં કિંમતમાં ૧૯ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને તે ઘટીને ૧,૭૪૫.૫૦ રૂપિયા થયો હતો. તેવી જ રીતે, આજથી કોલકાતામાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ૧,૭૮૭ રૂપિયામાં ઉપલબ્ધ થશે. મુંબઈના લોકોને હવે આ મોટા સિલિન્ડર માટે ૧,૬૨૯ રૂપિયા ચૂકવવા પડશે, જ્યારે ચેન્નાઈમાં તેની કિંમત હવે ૧,૮૪૦.૫૦ રૂપિયા હશે. ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં આ ઘટાડો એવા સમયે થયો છે.

### ચાર જૂનનો સૂર્ય દેશમાં એક નવી સવાર લાવશે : કોંગ્રેસ

। નવીદિલ્લી, તા.૧૮ ।

દેશની ૫૭ લોકસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનાવવાની આશા વ્યક્ત કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ‘ચાર જૂને એક નવી સવાર થવા જઈ રહી છે. લોકસભા ચૂંટણી માટે આજે મતદાનનો છેલ્લો તબક્કો છે. ઉલ્લેખનીય છે કે આજે મતદાન પૂર્ણ થયા બાદ વોટિંગની પ્રક્રિયા પૂર્ણ થશે અને ત્યારબાદ ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

### વડાપ્રધાને ૪૫ કલાક સુધી માત્ર લિક્વિડ ડાયટ લીધું

## વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે મોદીએ ૪૫ કલાક ધ્યાન પૂર્ણ કર્યું

। (એજન્સી) કન્યાકુમારી, તા.૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવેકાનંદ રોક મેમોરિયલ ખાતે ૪૫ કલાક ધ્યાન પૂર્ણ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગવા વસ્ત્રો પહેરીને ધ્યાન કર્યું. ગઈકાલે પીએમ મોદીએ ઘેરા રંગના કેસરી કપડા પહેર્યા હતા, તેમણે પહેરેલા કપડા હળવા રંગના છે. ખાસ વાત એ છે કે જ્યારે પીએમ મોદી ધ્યાન કરી રહ્યા હતા ત્યારે પણ લોકોને વિવેકાનંદ રોક મેમોરિયલ જવાથી રોકવામાં આવ્યા ન હતા. પીએમ મોદીએ વિવેકાનંદ રોક મેમોરિયલમાં એ જ જગ્યાએ ધ્યાન કર્યું હતું જ્યાં સ્વામી વિવેકાનંદે ધ્યાન કર્યું હતું. સવારે સૂર્યોદય સમયે ‘સૂર્ય અર્ઘ્ય’ અર્પણ કર્યા



પછી, પીએમ મોદીએ ત્રીજા અને અંતિમ દિવસે તેમની ધ્યાન પ્રેક્ટિસ શરૂ કરી અને બપોરે તેને સમાપ્ત કરી. ‘સૂર્ય અર્ઘ્ય’ આધ્યાત્મિક અભ્યાસ સાથે જોડાયેલી એક પરંપરા છે, જેમાં ભગવાન સૂર્યને જળ અર્પણ કરીને પૂજા કરવામાં આવે છે. પીએમએ સમુદ્રમાં એક લોટાથી સૂર્યને જળ અર્પણ કર્યું અને માળા અને મંત્રોચ્ચાર કર્યા.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



પોલીસ કમિશનરશ્રી અજય ચૌધરી તેમજ કંટ્રોલ ડીસીપી શ્રી કોમલ વ્યાસ દ્વારા અમદાવાદ શહેર પોલીસ ખાતેથી વય નિવૃત થતા પોલીસ કર્મચારીઓનું તેમના પરિવારની હાજરીમાં મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું.

## ગુજરાતમાં ૧૫મી જુને ચોમાસાની પધરામણી થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતના રહેવાસીઓ, તે રેઈનકોટ અને છત્રીઓમાંથી ધૂળ કાઢવાનો સમય આવી ગયો છે! ભારતીય હવામાન વિભાગ એ આગાહી કરી છે કે ચોમાસું ૧૫ જૂનથી રાજ્યમાં આવશે, જે મે મહિના પછી ખૂબ જ જરૂરી રાહત લાવશે. દક્ષિણ પશ્ચિમ ચોમાસું પહેલેથી જ કેરળમાં પહોંચી ગયું છે અને તે ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે, ટૂંક સમયમાં જ ગુજરાતને તેની ઠંડકમાં તરબોળ કરશે. મંગળવારે, IMD એ આગાહી કરી હતી કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૧૫ જૂન સુધીમાં ગુજરાતમાં સેટ થવાની ધારણા છે. જો કે, આગામી સાત દિવસમાં હવામાન શુષ્ક રહેશે. એક અલગ એડવાઈઝરીમાં, IMD એ આગામી બે દિવસમાં રાજ્યના મોટાભાગના ભાગોમાં લગભગ ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા "મજબૂત સપાટીના પવન"ની ચેતવણી આપી છે.

## ફાયર ઓફિસરની નિમણૂંકને લઈ ગુજરાત સરકાર એક્ટિવ થઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગમાં ૩૩ લોકોનાં મોત બાદ હાલ રાજ્ય સરકાર સફાળી જાગી છે. તેને અનુસરીને સરકારે કેટલાક ફેરફાર કરવાનો પણ નિર્ણય કર્યો છે. સરકાર હવે ખાનગી એકમોમાં એક ખાનગી ફાયર ઓફિસરની નિમણૂંક કરવા આદેશ આપી શકે છે. જે તે મોટા એકમો જ્યાં વધુ ભીડ એકઠી થાય છે તેવા એકમોમાં નિમણૂંક માટે આદેશ કરી શકે છે. રાજકોટમાં ્ઈ ગેમિંગ ઝોનમાં ૨૫ મેના રોજ લાગેલી આગમાં કેટલાક લોકો જીવતા ભૂંજાઈ ગયા, કેટલાય પરિવારો વેરવિખેર થઈ ગયા. આ અગ્નિકાંડને પગલે હવે રાજ્યમાં તંત્ર સફાળું જાગી ગયું છે. ત્યારે હવે અલગ-અલગ જિલ્લાઓમાં તંત્ર દ્વારા ચેકિંગ હાથ ધરાયું છે અને ફાયર સેફટી અને ફાયર ર્દ્રઝ ન હોય એવા ઘણા એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે.

# સુરતમાં ૭૩ કાપડ માર્કેટ્સ પાસે ફાયર NOC નથી

## ૭૦ હજાર કરોડનું ટર્નઓવર કરતી કાપડ માર્કેટ્સમાં ફાયર સેફ્ટી ઊભી કરવામાં ઘરાર લાપરવાહી

। (એજન્સી) સુરત, તા.૧ ।



સુરતમાં ૭૩ કાપડ માર્કેટ્સ પાસે ફાયર સેફટીની એનઓસી જ નથી. સુરતમાં ૩૫૦થી વધારે કાપડ માર્કેટ્સમાં જ દોઢ લાખથી વધારે દુકાનો છે. સિન્થેટિક કાપડ એટલે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ કહેવાય, એ જોતા અત્યંત જ્વલનશીલ પદાર્થનો વેપ ાર કરતી કાપડ માર્કેટ્સ સૌથી જોખમી સ્થળ છે, ભૂતકાળમાં કાપડમાર્કેટ્સમાં ઓર્ચિડ ટાવર, રઘુવીર સિલિયમ માર્કેટ જેવી સંખ્યાબંધ એવી ઘટના બની છે જેણે સુરતને દેશભરમાં નીચાજોણું કરાવ્યુ છે. તેમ છતાં કાપડના વેપારીઓને માત્ર કમાણીમાં જ રસ છે, સેફ્ટીની લગીરેય ચિંતા નથી. ફાયરબ્રિગેડ દ્વારા વારંવાર ચેતવણી આપવા છતાંય હાલ પણ ૭૩ જેટલી માર્કેટ્સ ફાયર ર્દ્રઝની તારીખ વીતી ગઈ હોવા છતાં પણ એનઓસી રિન્યુ કરાવી નથી. પાલિકાએ બુધવારે પણ કાપડ માર્કેટની ૪૧૧ દુકાનો સીલ કરવાની કાર્યવાહી કરી હતી. સુરત ફાયર વિભાગે મંગળવારે મધરાતથી સવાર સુધીમાં રાધે ટેક્સ્ટાઈલ માર્કેટની ૪૧૧ દુકાનો સીલ કરી છે, જ્યારે ગેલેક્સી ઈસ્કોન ૨૩ દુકાનો સીલ કરવામાં આવી છે. એક પૂર્વ ફાયર ઓફિસર કહે છે કે, શહેરમાં કેટલીક માર્કેટો એવી જગ્યાઓ પર છે કે, જ્યાં આગ લાગે ત્યારે ફાયરબ્રિગેડની ગાડીઓ પહોંચી શકે તેમ નથી. તેવા સંજોગોમાં ટેક્સટાઈલ માર્કેટના એસોસિએશન પાસે જો તેમના પોતાના ફાયર સેફ્ટીનાં સાધનો હોય તો શરૂઆતના તબક્કે જ લાગેલી આગ પર કાબૂ મેળવી શકાય. જોખમને ઘણે અંશે ઘટાડી શકાય. સુરતના કાપડ માર્કેટનું ટર્નઓવર આશરે ૭૦ હજાર કરોડ રુપિયાનું છે. અહીની માર્કેટોમાં સાડી, ડ્રેસ, ગારમેન્ટ સહિતના ફેબ્રિક્સનું વેચાણ થાય છે. કેટલાક ઉદ્યોગકારોની બ્રાન્ડ દેશભરમાં પ્રખ્યાત છે. તે છતા પણ કરોડો રુપિયાનો વેપાર કરતા વેપારીઓ ફાયર સેફટી પ્રત્યે ઉદાસીન છે. ફોસ્ટાના ડિરેક્ટર કૈલાશ હકીમે જણાવ્યું હતું કે, કાપડ માર્કેટના વેપારીઓને ફાયર ર્દ્રઝ લેવા માટે ફાયર વિભાગ દ્વારા વારંવાર સૂચના આપવામાં આવે છે તેની સાથે ફોસ્ટાને પણ સાથે રાખી ફાયરબ્રિગેડ અભિયાન ચલાવી રહ્યું છે. અત્યાર સુધી ૩થી ૪ વાર તમામ માર્કેટોને ફાયર સેફટીના સાધનો લેવા અને ફાયર સેફટીની સિસ્ટમ ગોઠવવા માટે જણાવવામાં આવ્યું છે, પરંતુ તેમ છતાંયે કેટલીક માર્કેટના એસોસિએશન બેદરકારી દાખવી રહ્યા છે. ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, અમે કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા માર્કેટના પદાધિકારીઓ સાથે મીટીંગ યોજી હતી.

## ધોરાજીમાં પાણીની સમસ્યા દિવસે દિવસે વિકટ બની



। (એજન્સી) ધોરાજી, તા.૧ ।

ધોરાજીમાં પાણીની સમસ્યા દિવસે દિવસે વિકટ બની રહી છે. અહીંની વર્ષો જુની દુષિત પાણી આવવાની સમસ્યાનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. શહેરીજનો રજૂઆત કરી કરીને થાક્યા પરંતુ તંત્ર કુંભકર્ણની નીંદ્રામાં સૂતેલુ છે. આટલુ ઓછુ હોય તેમ કાળઝાળ ગરમી વચ્ચે પણ સ્થાનિકોને ૭ થી ૮ દિવસે પાણી મળે છે. પાણીની કાયમી સમસ્યાથી સ્થાનિકો હવે ત્રાહિમામ પોકારી ગયા છે.

એક લાખની વસતી ધરાવતા ધોરાજીમાં પાણીની સમસ્યા વિકટ બની છે. ધોરાજી શહેરમાં ૭થી ૮ દિવસે એકવાર પાણીનું વિતરણ થાય છે. આકરા ઉનાળામાં સપ્તાહમાં એકવાર પાણી વિતરણ અને એ પાણી પણ પ્રદૂષિત આવે છે. નગરપાલિકા સમક્ષ રજૂઆત કરી કરીને સ્થાનિકોની જીભના કૂચા વળી ગયા પરંતુ તંત્રના કાને જાણે કોઈ રજૂઆત પહોંચતી જ ન હોય તેમ કોઈ પગલા લેવાયા નથી. એક તો પાણીની અછત છે અને જ્યારે પાણી મળે છે ત્યારે એ દૂષિત પાણી મળે છે. કાળા દૂષિત પાણીના કારણે સ્થાનિકોના આરોગ્ય સામે પણ ખતરો તોળાઈ રહ્યો છે. ધોરાજી નગરપાલિકામાં હાલ તો વહીવટદારનું શાસન છે અને અધિકારીઓની બહાનાબાજી અને બાબુઓના રાજમાં જનતાના પાયાના પ્રશ્નોનું નિરાકરણ રહી જાય છે. બીજી તરફ ધોરાજી ભાજપના પ્રમુખે પણ પાણી માટે રજૂઆત કરવાની ફરજ પડી છે. આ તરફ કોંગ્રેસ આરોપ લગાવી રહી છે કે ભાજપના શાસનમાં ભાજપના નેતાઓએ પણ પાણી માટે રજૂઆત કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ધોરાજીમાં છેલ્લા કેટલાય સમયથી પુરતુ પાણી નથી મળી રહ્યુ. પાણી વિતરણમાં ઠાગા ઠૈયા સામે આવ્યા છે. નળમાંથી અવારનવાર પ્રદૂષિત પાણી આવે છે. શહેરનો પાણીનો ફિલ્ટર પ્લાન શોભાના ગાંઠિયા સમાન બન્યો છે. આ બધી જ નિષ્ફળતાના કારણે આકરા ઉનાળામાં પણ રહીશો સંઘર્ષ કરી રહ્યા છે. આ અંગે પાલિકાના ચીફ ઓફિસરને પૂછવામાં આવ્યુ તો તેઓ પણ સરકારી જવાબ આપી રહ્યા છે કે કામ પ્રગતિમાં છે અને જલ્દી નિરાકરણ આવશે.

### અમદાવાદ શહેરની ઘટના

## સોનાના વેપારીને દોસ્તીનો હવાલો આપી કરી છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

આજના કળીયુગમાં ભલાઈ કરવી એક ગુના સમાન બની ગયું છે. કેટલીક વખત અજાણ્યાની મદદ કરવા જતાં તમને લાખો રૂપિયાનો ચૂનો લાગી જતો હોય છે. આવી જ એક ઘટના તાજેતરમાં અમદાવાદ શહેરમાં બની હતી બનાવની વિગત મુજબ શહેરના કોટ વિસ્તાર ખાડિયામાં સોનાના વેપારીને ગઠિયાએ ફોન કરીને તેમના મિત્ર શર્માજી જેવો અવાજ કાઢીને તેના ભાઈનો અકસ્માત થયો છે કહીને રૂ. આઠ લાખની તાત્કાલિક જરૂર હોવાનું કહીને કુલ રૂ. ૩.૯૦ લાખ પડાવી લીધા હતા. સોનાના વેપારીએ એક દિવસ પહેલાં જ મિત્ર શર્મા સાથે વાત કરી હતી ત્યારે તે રાજસ્થાન જતા હોવાની વાત થઈ હતી. ગઠિયાએ મિત્ર જેવો અવાજ કાઢતા તેમને વિશ્વાસ બેઠો હતો પણ ગઠિયાએ ફોન બંધ કરી દેતા વેપારીએ મિત્રને ફોન કરતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે વેપારીએ ગઠિયા સામે ખાડિયા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. રાયપુરમાં રહેતા અને સોના-ચાંદીના દાગીના બનાવી વેચવાનો ધંધો કરતા વીરેન્દ્રભાઈ સોનીના મોબાઈલ ફોન પર ૪થી જાન્યુઆરીએ સાંજે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતે તેમનો મિત્ર શર્માજી બોલતો હોવાનું અને રાજસ્થાન જવાનું કહીને મારા ભાઈનો અકસ્માત થયો છે તેના બંને પગ કાપવા પડશે તેમ ડોક્ટરે કહ્યું છે અને તેનો ખર્ચ આઠ લાખ છે. તે રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ છે. આગલા દિવસે મિત્ર નરેન્દ્રભાઈ શર્માએ ફોન કરીને પોતે રાજસ્થાન જવાનો છે તેમ કહ્યું હતું.

### પેટ્રોલનો કેટલો જથ્થો રાખી શકાય તેનો જવાબ કલેક્ટરે ટાળ્યો

## રાજકોટમાં શાળા-કોલેજો, કલાસીસ વગેરે પરનાં ડોમ સ્ટ્રકચર દૂર કરાશે : કલેક્ટર

### પેટ્રોલ ડીઝલના આ જંગી જથ્થો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે જેમાં જવાબદારો સામે પગલા લેવામાં આવશે

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટ અગ્નિકાંડ બાદ આજે ચોથા દિવસે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ પ્રેસ મીડિયાને સંબોધન કર્યું હતું. જેમાં રાજકોટમાં શાળા-કોલેજો અને કલાસીસ સહિતના સ્થળો પર ગેરકાયદે ખડકાયેલા ડોમ સ્ટ્રકચરને હટાવવામાં આવશે, તેવું જણાવ્યું હતું. જો કે ગેમ ઝોનમાં પેટ્રોલ કે ડીઝલનો હજ્જારો લીટરનો જથ્થો હોવાના મામલે પત્રકારોએ પૂછ્યું કે પેટ્રોલનો મહત્તમ કેટલો જથ્થો રાખી શકાય? ત્યારે જિલ્લા કલેક્ટર કોઈ જવાબ આપી શક્યા નહોતા. જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, શાળા-કોલેજો વગેરે પરથી ડોમ સ્ટ્રક્ચર દૂર કરવા રાજકોટ મ્યુનિ. કોર્પો.-રૂડા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક બોલાવી તાકીદ કરવામાં આવશે. ઉપરાંત ટીઆરપી અગ્નિકાંડ સમયે ત્યાં સ્થળ પર ૩૦૦૦ લીટર પેટ્રોલ-ડીઝલ સંગ્રહિત હોવાનું ખુલ્યા બાદ આ અંગે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે પેટ્રોલ ડીઝલના આ જંગી જથ્થો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં જવાબદારો સામે પગલા લેવામાં આવશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ટીઆરપી અગ્નિકાંડ પ્રકરણમાં સીટ તેમજ રાજકોટ શહેર પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

**વિશેષ** ૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ । સોલાર પેનલની સાફસફાઈ, મેન્ટેનન્સ અને જાળવણી કેવી રીતે કરશો?

# ઘરના ધાબા પર લગાવેલી સોલાર પેનલનું કેવી રીતે રાખશો ધ્યાન?

। મીનેશ પટેલ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ।



પાંચમી જૂનના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પર્યાવરણ જાળવણી માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતો અને એમાંય ખાસ કરીને સૂર્યઊર્જાનો ઉપયોગ ઘરે ઘરે જાણીતો બન્યો છે. શું તમારા ઘરે પણ ધાબા પર સોલર પેનલ લગાવેલી છે? તો આ સોલર પેનલની સાફ-સફાઈ મેન્ટેનન્સ અને જાળવણી માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

**સોલર પેનલ અને સોલર મોડ્યુલની સફાઈ કેવી રીતે કરશો ?**

● સોલર પેનલ અને મોડ્યુલ પર જામેલા ધૂળના સ્તરને દૂર કરવા માટે, પેનલ્સને સમયાંતરે સોફ્ટ પાણીથી ધોવી જરૂરી છે.

● જો મોડ્યુલમાં ગંદકી વધુ હોય અથવા કાદવ અને પક્ષીના ડ્રોપિંગ્સ હોય, કે જેને દૂર કરવું મુશ્કેલ હોય, તો ઠંડા પાણીનો ઉપયોગ કરવો જોઈએ.

● તમે સોલર પેનલ્સને સાફ કરવા માટે બગીચાની પાઈપ/નળીનો ઉપયોગ કરી શકો છો.

● જો સૌર પેનલ્સને વધુ સફાઈની જરૂર હોય અને બગીચાની નળી એટલી મદદરૂપ ન હોય, તો તમે તેને સાફ કરવા માટે સ્પન્જનો ઉપયોગ કરી શકો છો.

● પેનલ્સ ગરમ હોય ત્યારે ક્યારેય ઠંડા પાણીનો છંટકાવ કરવો જોઈએ નહીં, તેનાથી પેનલને ઘણું નુકસાન થઈ શકે છે. સવારે કે સાંજના સમય સફાઈ કરવી જોઈએ.

● પેનલની સપાટીને સામાન્ય રીતે સ્પોન્જથી જ સાફ કરવી જોઈએ. પેનલની સપાટીને સ્ક્રેચ ના પડે તે માટે ધાતુના બ્રશથી સફાઈ ટાળવી જોઈએ.

● પેનલની સફાઈ માટે ક્યારેય ડિટર્જન્ટનો ઉપ યોગ કરવો જોઈએ નહીં.

● જો તમારી પાસે સોલર પેનલ્સને સાફ કરવા માટે સમય ન હોય, તો તમે સ્વયંચાલિત ક્લીનર્સ પણ સ્થાપિત કરી શકો છો. આવા ક્લીનર્સ સ્પ્રિંકલર સિસ્ટમ્સની જેમ કામ કરે છે.

**સોલર પેનલ્સની જાળવણી માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો**

● સૌર પેનલ્સને છાંયડાથી દૂર રાખો. કારણ કે જ્યારે પેનલનો અમુક ભાગ છાંયડામાં હોય ત્યારે સૂર્યપ્રકાશનું યોગ્ય અવશોષણ થઈ શકતું નથી, જેથી ઊર્જા ઉત્પાદન બિનકાર્યક્ષમ બની જાય છે.

● સૌર પેનલ્સના ઈન્વર્ટરમાં લીલી બત્તી ચાલુ છે કે કેમ તે ચેક કરવું જોઈએ. લીલી બત્તી બંધ હોય કે યોગ્ય રીતે ન ચાલુ હોય તો તે મોડ્યુલમાં ખામી સૂચવે છે.

● સૌર પેનલ્સના ઊર્જા ઉત્પાદનનું યોગ્ય મોનિટરિંગ કરવું જોઈએ. સામાન્ય દિવસોમાં કેટલી ઊર્જા ઉત્પન્ન થાય છે અને જ્યારે વાદળછાયું વાતાવરણ હોય ત્યારે કેટલી ઊર્જા ઉત્પન્ન થાય છે તે ચકાસવું જોઈએ. જેથી કરીને સોલાર પેનલ અને મોડ્યુલના પરફોર્મન્સ અને તેની કામગીરી યોગ્ય છે કે કેમ તેની જાણકારી મેળવી શકાય.

● તમારા સોલર પેનલ પ્રોવાઈડર દ્વારા આપ વામાં આવેલી પેનલ સર્વિસિંગ વિશેની તમામ માહિતી રાખો અને સમયાંતરે આ પ્રમાણે સર્વિસ કરાવો.

**સોલર પેનલના ડેમેજ કે ખામીની તપાસ કેવી રીતે કરશો?**

● તિરાડો, ચિપ્સ, ડી-લેમિનેશન, ધુમ્મસવાળું ગ્લેઝિંગ, પાણીનું ગળતર અને વિકૃતિકરણ જેવી સંભવિત ખામીઓની જાણકારી મેળવવા માટે સમયાંતરે મોડ્યુલોનું જાતે નિરીક્ષણ કરવું જોઈએ અથવા ટેક્નિશિયન પાસે તપાસ કરાવવી જોઈએ.

● જો કોઈ પેનલમાં કે ભાગમાં સ્પષ્ટ ખામી જોવા મળે તો તે પેનલ કે ભાગનું સ્થાન નોંધીને તેના ઊર્જા ઉત્પાદનનું નિરીક્ષણ કરવું જોઈએ.

● જો નુકસાનને કારણે સોલર મોડ્યુલ તેના નક્કી કરેલા આઉટપુટ કરતાં ઓછું પ્રદર્શન કરે તો તેને બદલાવવું જોઈએ.

**સ્ટ્રકચરની સ્ટેબિલિટી કેવી રીતે ચેક કરશો ?**

● સોલાર મોડ્યુલના માઉન્ટિંગ ફ્રેમ્સની સમયાંતરે તપાસ કરવી જોઈએ. ફ્રેમ અને મોડ્યુલના માઉન્ટિંગ બોલ્ટ્સ રસ્ટ-ફ્રી(કાટ ન લાગ્યો હોય તેવા) છે કે કેમ અને સ્ટ્રકચર સુરક્ષિત છે કે કેમ તે ચેક કરવું જોઈએ.

● વાયરને ઉંદર અને અન્ય જંતુઓ દ્વારા થતું ડેમેજ તપાસવા માટે જંકશન બોક્સની તપાસ કરવી જોઈએ.

**ઇન્વર્ટર/ચાર્જ કંટ્રોલરની સંભાળ લેવી રીતે રાખશો ?**

● ઈન્વર્ટર/ચાર્જ કંટ્રોલર પર ઓછામાં ઓછી ધૂળ જમા થાય એ રીતે રાખવા જોઈએ

● સમયાંતરે સૂકા કાપડનો ઉપયોગ કરીને સંચિત ગંદકી/ધૂળને સાફ કરવી જોઈએ.

● એલઈડી લાઈટ જેવા તમામ સૂચકાંકો કામ કરી રહ્યા છે કે કેમ તથા આ ઈન્વર્ટર/ચાર્જ કંટ્રોલર તરફ જતા અને આવતા વાયર છૂટા પડેલા નથી ને તે સુનિશ્ચિત કરવું જોઈએ.

● સૂર્ય હોય તેવા સમયે ચાર્જ કંટ્રોલર દ્વારા સિસ્ટમ ચાર્જ થઈ રહી છે કે કેમ તે ચેક કરવું જોઈએ.

**વાયરિંગ અને જોડાણો બાબતે શું ધ્યાન રાખશો ?**

● ઈન્સ્યુલેશનમાં કોઈપણ તિરાડો, તૂટેલા ભાગો અથવા અન્ય ખરાબી માટે વાયરિંગ ઈન્સ્ટોલેશન્સની નિયમિત તપાસ કરાવવી જોઈએ.

● બૉક્સમાં ઉંદરો અને જંતુઓનો ઉપદ્રવ અટકાવવા માટે પેનલ બોક્સની તપાસ કરવી જોઈએ. વધુમાં, જોડાણોનું કાટ અને/અથવા બર્નિંગ માટે નિરીક્ષણ કરવું જોઈએ.

**બેટરીની જાળવણી માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો**

● મહિનામાં એકવાર બેટરીનું નિયમિત મૂલ્યાંકન અને બેટરીની સફાઈ કરવી આવશ્યક છે. બેટરીમાં ક્યાંય ઈલેક્ટ્રોલાઈટ લીક હોય કે તિરાડો હોય અથવા કનેક્ટર્સ અને ટર્મિનલ્સ પર કાટની હાજરી હોય એ ચેક કરીને યોગ્ય પગલાં લેવા જોઈએ. સિસ્ટમની બેટરીઓ ક્લીન, ડ્રાય અને કાટ તથા ઈલેક્ટ્રોલાઈટ્સથી મુક્ત હોવી જોઈએ.



વારાણસીમાં શ્રી મુમુક્ષુ ભવન માધ્યમિક સંસ્કૃત વિદ્યાલય ખાતે લોકસભા ચૂંટણીના ૭મા તબક્કા દરમિયાન મતદાન મથક પર મતદારોના નામ અને દસ્તાવેજોની ચકાસણી કરતા મતદાન અધિકારીઓ.





ઉત્તર પ્રદેશના વારાણસીમાં શાંતિ શિક્ષા નિકેતન ખાતે લોકસભા ચૂંટણીના ૭મા તબક્કા દરમિયાન મતદાન મથક પર મતદાન કરવા માટે કતારમાં ઉભા રહીને ઓળખ કાર્ડ દર્શાવતા મતદારો.



અમૃતસરના છિદન ગામ ખાતે લોકસભા ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદાન કર્યા પછી અવિશ્વસનીય શાહીનું ચિહ્ન દર્શાવતી સ્ત્રી મતદારો.




લોકસભા ચૂંટણીના ૭મા તબક્કા દરમિયાન મતદાન મથક પર મતદાન કર્યા પછી સેલ્ફી પોઈન્ટ પર અદમ્ય શાહીનું ચિહ્ન દર્શાવતી સ્ત્રી મતદારો

### બંગાળમાં ટોળાએ EVM પર ગુસ્સો ઠાલવ્યો

## ટોળાએ મત આપવાની વાત તો બાજુ પર મશીનને સીધું જ પાણીમાં ફેંક્યું

### મતદારોને ટીએમસી સમર્થકોએ ધમકાવ્યા હતા તેના પગલે ટોળું ગુસ્સે ભરાયું ઈવીએમને તળાવમાં ફેંકી દીધું

। (એજન્સી) કોલકાતા, તા.૧ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના સાતમાં તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું. તે દરમિયાન પશ્ચિમ બંગાળમાં બબાલના સમાચાર આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ દક્ષિણ ૨૪ પરગનામાં ગુસ્સે ભરાયેલી ભીડે ઈવીએમ અને વીવીપેટ મશીનને પાણીમાં ફેંકી દીધું છે. અંતિમ તબક્કામાં પશ્ચિમ બંગાળની ૯ સીટો માટે હાલ વોટિંગ ચાલી રહ્યું હતું. વોટિંગ શરૂ થયા પછી સમાચાર આવ્યા હતા કે દક્ષિણ ૨૪ પરગનાના કુલતાઈમાં બૂથ સંખ્યા ૪૦,૪૧ પર ટોળાએ કથિત રીતે ઈવીએમ અને વીવીપેટ મશીનને પાણીમાં ફેંકી દીધું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મતદારોને કથિત રીતે ટીએમસી સમર્થકોએ ધમકાવ્યા હતા. તેના પગલે ટોળું ગુસ્સે ભરાયું હતુ અને ઈવીએમને તળાવમાં ફેંકી દીધું હતું. વોટિંગના મામલામાં આ વખતે પશ્ચિમ બંગાળે ઘણું સારું પ્રદર્શન કર્યું છે. જોકે પ્રથમ તબક્કાથી જ પશ્ચિમ બંગાળમાં હિંસાના સમાચાર આવી રહ્યાં છે. પ્રથમ તબક્કાના વોટિંગ દરમિયાન તૃણમૂલ કોંગ્રેસે દાવો કર્યો હતો કે અલીપુરદ્વાર તુફાનગંજ-૨ બ્લોકમાં બરોકોડાલી- ગ્રામ પંચાયતના હરિરહાટ ક્ષેત્રમાં ટીએમસીના અસ્થાયી પાર્ટી કાર્યાલયને બીજેપી સમર્થકોએ સળગાવ્યું હતું. લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કામાં સાત રાજ્ય અન એક કેન્દ્રશાસિત પ્રદેશની ૫૭ સીટો માટે મતદાન થયુ છે. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વારાણસી સીટ પણ સામેલ છે.

### હવામાન વિભાગે આપી મહત્વની માહિતી

## કેરળ બાદ હવે આસામ અને સિક્કિમ બાજુ ચોમાસુ બેસશે

### દેશમાં લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હી સહિત ઉત્તર પ્રદેશમાં ભીષણ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીને કારણે લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. ત્યારે હવે લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી શકે છે. આ વખતે ચોમાસું કેરળમાં નિર્ધારિત સમય કરતાં બે દિવસ પહેલા ૩૦ મેના રોજ પહોંચ્યું હતું. હવે હવામાન વિભાગે ચોમાસું ક્યા રાજ્યોમાં પ્રવેશ કરશે તે અંગેની માહિતી આપતા અપડેટ બહાર પાડ્યું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ચોમાસું હવે કેરળમાંથી આગળ વધી રહ્યું છે, જે અન્ય રાજ્યોમાં વરસાદ લાવશે. દક્ષિણ પશ્ચિમ ચોમાસું ઉત્તરપૂર્વ અને ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી, ત્રિપુરા, મેઘાલય, આસામ અને સિક્કિમના ભાગો તરફ આગળ વધી રહ્યું છે. તેમજ પશ્ચિમ બંગાળમાં ચોમાસુ પહોંચી જશે તેવી સંભાવના છે. લક્ષદ્વીપ, કર્ણાટક, તમિલનાડુમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ છે. આ રાજ્યોમાં આગામી ૧-૨ દિવસમાં કમોસમી વરસાદની સંભાવના છે, જેનાથી લોકોને ગરમીથી રાહત મળશે. આગામી એક કે બે દિવસમાં ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં તાપમાનમાં ઘટાડો થશે, જ્યારે ઉત્તર-પૂર્વ ભારતમાં ૪-૫ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની અપેક્ષા છે. અરુણાચલ પ્રદેશમા ભારે વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ ઉપરાંત આસામ અને મેઘાલયમાં આજથી ચોથી જૂન સુધી ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.

### મુકેશ અંબાણીને છોડ્યા પાછળ

# ૧૬ મહિના પછી ગૌતમ અદાણી બન્યા એશિયાના સૌથી અમીર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર તેમાં સામેલ ભારતીય અબજોપતિઓની રેક્રિંગમાં જોવા મળ્યો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને નેટવર્થના મામલે પાછળ છોડી દીધા છે.



છેલ્લા કેટલાક દિવસોમાં શેરબજારમાં લિસ્ટેડ અદાણીની કંપનીઓના શેરમાં થયેલા ભારે ઉછાળાને કારણે તેમની સંપત્તિમાં ભારે વધારો થયો છે અને તેઓ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી તેમની સંપત્તિમાં તાજેતરના ઉછાળાને કારણે હવે વિશ્વના ૧૧મા સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. તેમની નેટવર્થ ૧૧૧ બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે અને આટલી સંપત્તિ સાથે તેમણે મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. બ્લૂમબર્ગ અનુસાર, મુકેશ અંબાણીની કુલ સંપત્તિ ઈ૧૦૯ બિલિયન છે અને આ આંકડા સાથે તેઓ વિશ્વના સૌથી ધનિકોની યાદીમાં ૧૨મા સ્થાને આવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગૌતમ અદાણીની સંપત્તિમાં જોરદાર ઉછાળો આવ્યો છે. તેમની નેટવર્થમાં ૫.૪૫ બિલિયન ડોલર અથવા લગભગ રૂ. ૪૫,૦૦૦ કરોડથી વધુનો વધારો થયો છે. સંપત્તિમાં થયેલા આ અચાનક વધારાને કારણે અદાણી ગ્રુપના ચેરમેન ૧૨માં સ્થાનેથી એક ડગલું આગળ વધીને ૧૧માં સ્થાન પર કબજો કરી લીધો છે.

ગૌતમ અદાણી વર્ષ ૨૦૨૪માં સૌથી વધુ કમાણી કરનારા અબજોપતિઓમાં સામેલ છે. તેમની સંપત્તિમાં, ૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી અત્યાર સુધીમાં, તેમણે ૨૬.૮ અબજ ડોલરની કમાણી કરી છે. મુકેશ અંબાણીની સંપત્તિમાં આ વર્ષે ૧૨.૭ અબજ ડોલરનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૩ ગૌતમ અદાણી માટે ઘણું ખરાબ સાબિત થયું. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ, જ્યારે અમેરિકન શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગે અદાણી ગ્રૂપ પર તેનો સંશોધન અહેવાલ પ્રકાશિત કર્યો, ત્યારે અદાણીના શેરમાં આવેલી સુનામીને કારણે, તેઓ ટોપ-૩માંથી સરકી ગયા હતા. અને ટોપ-૧૦ બિલિયોનેર્સની યાદીમાંથી પણ બહાર થઈ ગયા હતા. હવે લગભગ ૧૬ મહિના પછી તેઓ ફરી એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. શુક્રવારે, છેલ્લા ટ્રેડિંગ દિવસે, શેરબજારમાં અદાણી જૂથની લિસ્ટેડ કંપનીઓના શેરમાં ૧૪ ટકા સુધીનો વધારો થયો હતો અને ટ્રેડિંગ દિવસના અંતે, તેમની તમામ ૧૦ કંપનીઓ નફો મેળવવામાં સફળ રહી હતી. સૌથી મોટો ઉછાળો અદાણી પાવર સ્ટોકમાં આવ્યો હતો અને તે ૧૪ ટકાથી વધુ વધ્યો હતો, જોકે પાછળથી તે ૯ ટકાના વધારા સાથે રૂ. ૭૫૯.૮૦ પર બંધ થયો હતો. આ સિવાય અદાણી ટોટલ ગેસ ૯ ટકા વધીને રૂ. ૧,૦૪૪.૫૦, અદાણી એન્ટરપ્રાઈઝનો શેર ૭ ટકા વધીને રૂ. ૩૪૧૬.૭૫, અદાણી પોર્ટ્સ ૪ ટકા વધીને રૂ. ૧,૪૪૦ પર બંધ રહ્યો હતો.

અદાણી વિલ્મર ૩ ટકા વધીને રૂ. ૩૫૪.૯૦, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અદાણી એનર્જી સોલ્યુશન્સ શેર ૨ ટકા વધીને ૮ ટકા વધીને બંધ થયા હતા, જ્યારે અંબુજા સિમેન્ટ અને એસીસી લિમિટેડ ૨ ટકાથી વધુ વધીને બંધ થયા હતા.

## લંડનના નોર્થ વિસ્તારમાં એક રેસ્ટોરન્ટમાં ડ્રાઈવ-બાય શૂટિંગ



। (એજન્સી) લંડન, તા.૧ ।

લંડનના નોર્થ વિસ્તારમાં એક રેસ્ટોરન્ટમાં ડ્રાઈવ-બાય શૂટિંગમાં ગોળી વાગવાથી એક ૯ વર્ષની બાળકી ગંભીર રીતે ઘાયલ થઈ છે. બાળકીને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે, જ્યાં તે પોતાની જિંદગી સામે ઝઝૂમી રહી છે. આ બાળકી ભારતના કેરળની છે. તેની ઓળખ એર્નાકુલમના ગોથુરુથની નિવાસી લિસેલ મારિયા તરીકે થઈ છે. આ હુમલો ત્યારે થયો જ્યારે બાળકી પોતાના પરિવાર સાથે ડિનર કરી રહી હતી. ડ્રાઈવ-બાય શૂટિંગ એ ગોળીબારની એવી ઘટના હોય છે જેમાં ગુનેગારો ચાલતી ગાડીમાંથી ફાયરિંગ કરે છે. તેથી તેઓને પકડી ન શકાય. આ મામલે પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ફાયરિંગની આ ઘટનાને ચોરીની મોટરસાઈકલનો ઉપયોગ કરીને અંજામ આપવામાં આવ્યો છે. અસલી શિકાર બાળકી કે તેના માતા-પિતા નહોતા. પરંતુ રેસ્ટોરન્ટની બહાર બેઠેલા ત્રણ લોકો હતા. તેમની ઉંમર ૨૬, ૩૭ અને ૪૨ વર્ષની છે. તે ત્રણેયને પણ ગોળી વાગી છે પરંતુ તેઓની હાલત સ્થિર છે.

# સલમાન ખાન પર તેની કારમાં હુમલો કરવા માટેની યોજના બનાવી હતી

### લોરેન્સ બિશ્નોઈ ગેંગે કથિત રૂપે મહારાષ્ટ્રના પનવેલમાં મિસ્ટર ખાનની કાર પર હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

લોરેન્સ બિશ્નોઈ ગેંગે કથિત રૂપે મહારાષ્ટ્રના પનવેલમાં મિસ્ટર ખાનની કાર પર હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું, જે પાકિસ્તાની આર્મ્સ સપ્લાયર પાસેથી મેળવેલા હથિયારોથી સજ્જ હતી. નવી મુંબઈ પોલીસે બોલિવૂડ અભિનેતા સલમાન ખાનની હત્યાના વધુ એક કાવતરાનો પર્દાફાશ કર્યો છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગે કથિત રૂપે મહારાષ્ટ્રના પનવેલમાં મિસ્ટર ખાનની કાર પર હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું, જે પાકિસ્તાની આર્મ્સ સપ્લાયર પાસેથી મેળવેલા હથિયારોથી સજ્જ હતી. નવી મુંબઈ પોલીસે એફઆઈઆર નોંધી છે અને આ ષડયંત્ર સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી છે. આ ૧૪ એપ્રિલના રોજ બનેલી ઘટનાને અનુસરે છે, જ્યારે મુંબઈના બાંદ્રામાં મિસ્ટર ખાનના ઘરની બહાર બાઈક પર સવાર બે શખ્સોએ ગોળીબાર કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ, તેના કેનેડા સ્થિત પિતરાઈ ભાઈ અનમોલ બિશ્નોઈ અને સહયોગી ગોલ્ડી બ્રાર સાથે મળીને પાકિસ્તાની આર્મ્સ ડીલર પાસેથી એકે-૪૭, એમ-૧૬ અને અન્ય ઉચ્ચ કેલિબર હથિયારો મેળવ્યા હતા. યોજના કાં તો મિસ્ટર ખાનના વાહન પર હુમલો કરવાની હતી અથવા તેમના ફાર્મહાઉસ પર હુમલો કરવાની હતી.



મિસ્ટર ખાનના બાંદ્રા નિવાસની બહાર ફાયરિંગની ઘટના પછી, પોલીસે ચાર શકમંદોની ધરપકડ કરી: વિકી ગુપ્તા અને સાગર પાલ ગુજરાતમાં પકડાયા હતા, જ્યારે અનુજ થાપન અને અન્ય વ્યક્તિની પંજાબમાં ૨૬ એપ્રિલે અટકાયત કરવામાં આવી હતી. કુલ છ ધરપકડ કરવામાં આવી છે, જોકે અનુજ થપનનું પોલીસ કસ્ટડીમાં મોત થયું હતું. થાપનના મૃત્યુના સંજોગોએ નોંધપાત્ર તપાસ કરી છે. બોમ્બે હાઈકોર્ટે રજૂ કરેલા "અપૂર્ણ" શબપરીક્ષણ અહેવાલ પર નિરાશા વ્યક્ત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેમાં મહત્વપૂર્ણ વિગતોનો અભાવ છે, જેમ કે થાપનની ગરદન પર મળી આવેલ "લિગેચર માર્કનો આકૃતિ" અને અન્ય કોઈપણ સંભવિત ઈજાઓ અંગેની માહિતી. થપનની માતા, રીટા દેવીએ ૩ મેના રોજ એક અરજી દાખલ કરી હતી, જેમાં આરોપ લગાવ્યો હતો.

## બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારનો સંપર્ક કરવાનો આદેશ આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

બોમ્બે હાઈકોર્ટે ખાસ કરીને એક સંસ્થાને બકરીદ અંગે મહારાષ્ટ્ર સરકારનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે સંસ્થાને દેવનાર કતલખાનામાં પ્રાણીઓની તપાસ ફી ઘટાડવાની માગણી સાથે મહારાષ્ટ્ર સરકારનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે તેણે ૨૧ જૂને બકરીદ દરમિયાન ઔપચારિક કતલ માટે દેવનાર કતલ પર પશુઓને છોડવા માટે વસૂલવામાં આવતી પશુ નિરીક્ષણ ફીમાં ઘટાડો કરવા માટે મહારાષ્ટ્ર સરકારનો સંપર્ક કરવો જોઈએ.વાસ્તવમાં, એડિશનલ ગવર્નમેન્ટ એડવોકેટ જ્યોતિ ચવ્હાણે કોર્ટને કહ્યું કે એનજીઓ અલ-ક્વેરિશ હ્યુમન વેલ્ફેર એસોસિએશને સરકારનો સંપર્ક કર્યા વિના હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

## તંત્રી લેખ...

# મિત્રતાને નૈસર્ગિક સંબંધ સ્વીકાર કરવામાં આવે છે

મૈત્રી સંબંધથી સંપૂર્ણ પ્રકૃતિ બંધાયેલી છે. વૃક્ષ, નદી, થલચર, જળચર, નભચર અને તમામ જીવ-જંતુ સાહચર્ય સાથે જોડાયેલા છે. તેઓ પરસ્પર આકર્ષણથી બંધાયેલા છે. પૃથ્વી પર મૈત્રી ભાવથી જ સભ્યતાનો વિકાસ થયો. આ મૈત્રી ભાવ જ પ્રેમ અને સ્નેહનું ચુંબક બને છે. એમ તો માનવ જન્મથી જ મૈત્રી વ્યવહાર અને વ્યવસ્થાથી પરિચિત થઈ જાય છે, કારણ કે તેની નજીક જે પણ આવે છે, તે વાત્સલ્ય રસની ધારામાં અવશ્ય ભીંજાતો રહે છે. કોઈ કોઈ તો તેમાં ડૂબી જ જાય છે, તેથી મૈત્રી ભાવની ઉત્પત્તિ શૈશવ કાળથી જ થઈ જાય છે. દોસ્તીએ યુગ-યુગમાં આદર્શોની પતાકા લહેરાવી છે. સાચી દોસ્તીનું ચરિત્ર પાવન હોય છે. પશુ-પક્ષી, છોડ-ઝાડ પણ મિત્ર તત્ત્વના પોષક માનવામાં આવ્યા છે. અનેક વિજ્ઞાની એ તથ્યને સાબિત કરી ચૂક્યા છે કે જીવ માત્ર જ નહીં, નિર્જીવ પણ મૈત્રી પ્રભાવથી સંલિપ્ત છે. તેથી મિત્રતાને નૈસર્ગિક સંબંધ સ્વીકાર કરવામાં આવે છે. સમસ્ત સંબંધ ઊંચા-ઊંચા તો હોઈ શકે છે, પરંતુ મિત્રતા જેટલા ઊંડા નહીં. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામે મિત્રતાને જીવનનું સૂત્ર બનાવ્યું હતું. શ્રીકૃષ્ણએ મિત્રતાને જીવન મંત્ર બનાવ્યો. મિત્રતાનું તંત્ર જે ભક્તિ રૂપે વિદ્યાન છે, તે અવતારોની પૃષ્ઠભૂમિ છે. ચાહે કોઈ વ્યક્તિ હોય કે સમાજ હોય અથવા દેશ હોય - મિત્ર ભાવ બધામાં નિર્માણ અને વિકાસની શક્તિને સ્થાપિત કરે છે. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની તથા અન્ય તમામ સંબંધોનો દોર માત્ર મૈત્રી તત્ત્વમાં પરોવવામાં આવ્યો હોય છે. જ્યાં મૈત્રીનો આધાર નથી ત્યાં કોઈ સંબંધ સરસ અને સરળ નથી હોઈ શકતો. જ્યારે મનુષ્ય પર વિપત્તિ આવે છે ત્યારે એક સાચો મિત્ર જ મદદ કરે છે, બાકી તો માત્ર મોંથી સહાનુભૂતિ વ્યક્ત કરે છે. કહેવાય છે સાચો પ્રેમ દુર્લભ છે, પરંતુ સાચી મિત્રતા એનાથી પણ દુર્લભ છે. સંસારને ખબર છે કે મિત્ર ભાવે ભારતને શાંતિપ્રિય દેશ બનાવ્યો છે. જ્યારે શ્રીરામ અને હનુમાનજીની પહેલી મુલાકાત થઈ ત્યારે હનુમાનજીએ પ્રસ્તાવ રાખ્યો, અમારા રાજા સુગ્રીવ સાથે તમે મિત્રતા કરી લો. સીતાજીની જાણકારી મળી રહી નથી તે તમારી પરેશાની છે અને સુગ્રીવનો મોટો ભાઈ વાલી તેને મારવા માટે શોધી રહ્યો છે તે સુગ્રીવની પરેશાની છે. તમે તેની મદદ કરો, સુગ્રીવ તમારી મદદ કરશે. આ પ્રસ્તાવ લઈને હનુમાનજી રામ-લક્ષ્મણ સાથે સુગ્રીવ પાસે પહોંચી ગયાં. તે સમયે હનુમાનજીએ વિચાર્યું કે હું આ બંનેની મિત્રતા કરાવું છું તો આ બંને વચ્ચે વિશ્વાસ માટે કંઈક હોવું જોઈએ.

## ચોમાસાના વરસાદની શરૂઆત થઈ ચૂકી છે, વાદળ હવે નિરંતર નજીક આવશે



ચોમાસાનાં વાદળોએ કેરળનો સ્પર્શ કરી લીધો છે અને તે આખા દેશ માટે સુખદ અને સ્વાગત કરવા જેવા સમાચાર છે. ગરમીથી તપતા ઉત્તર ભારતમાં પણ હવે એ બહુ સંતોષની વાત છે કે ભારત પર ચોમાસાના વરસાદની શરૂઆત થઈ ચૂકી છે અને તેનાં વાદળ હવે નિરંતર નજીક આવતાં જશે. કેરળ જ નહીં, પૂર્વોત્તરનાં રાજ્યોમાં પણ ચોમાસું આવી પહોંચ્યું છે. જોકે કેરળ અને દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં ચોમાસા પહેલાંનો વરસાદ થઈ રહ્યો હતો. પૂર્વોત્તરમાં પણ ચક્રવાતના પ્રભાવને કારણે અનેક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા, છતાં ચોમાસાનું આગમન, તે પણ બે દિવસ પહેલાં ખાસ અર્થ ધરાવે છે. ભૂવિજ્ઞાનીઓ માટે એ અધ્યયનનો વિષય છે કે ચોમાસું બે દિવસ પહેલાં કેવી રીતે આવ્યું? શું આ ભારત ભૂમિ પર વધુ પડતી ગરમી કે તાપની અસર છે? હવામાન સંબંધી આપણાં અનુમાન જો સચોટ નથી બેસતાં તો તે પણ વિચારવાનો વિષય છે. જોકે કેરળ તટ પર ચોમાસું પહોંચવાની તિથિ ૧ જૂન જ છે, પરંતુ તે ક્યારેક વહેલું તો ક્યારેક મોડું પહોંચે છે. ચોમાસું આગળ વધીને મહારાષ્ટ્રને પાર કરવામાં દસ દિવસ લાગશે અને જૂન મહિનાના આખર સુધીમાં તે ઉત્તર ભારતને પણ ભીંજવશે. જોકે માનવામાં આવે છે કે દક્ષિણમાં ચોમાસું આવવાની અસર ઉત્તર ભારતના હવામાન પર પણ પડે છે. ઉત્તર ભારતમાં લોકો ભીષણ ગરમીથી છૂટકારાની રાહ જોઈ રહ્યા છે. ઠેર-ઠેર આગચંપીની ઘટનાઓના સમાચાર પણ આવી રહ્યા છે. ભારતમાં ગરમીથી પણ વધારે મોટી સમસ્યા પાણી કે પીવાના પાણીનો અભાવ છે અને એનાથી પણ મોટી સમસ્યા આગના બનાવોની છે. આ તમામ સમસ્યાઓનું મોટું સમાધાન ચોમાસા પાસે જ છે તેથી તેની કાગડોળે રાહ જોવાય તે સ્વાભાવિક છે. ચોમાસું ખુદમાં એક સંપૂર્ણ સંસ્કૃતિ છે, જેને દુનિયાભરના અનેક વિદ્વાનો બહુ રસથી જુએ છે. અંગ્રેજ લેખક એલેક્ઝેન્ડર ફ્રેટરે ૧૯૮૦ના દાયકાના આખરમાં એક વર્ષ ચોમાસાનો પીછો કર્યો હતો, કેરળના સમુદ્રી તટથી ચેરાપૂંજી સુધી અને એક આખું પુસ્તક ‘ચેઝિંગ ધ મોન્સૂન’ લખી નાખ્યું હતું. આજે પણ ભારતીય સમાજ રાહત માટે તત્પર છે. ચોમાસાના સમયે જીવનશૈલીની સાથે-સાથે પહેરવેશ અને ખાનપાનમાં પણ પરિવર્તન આવી જાય છે. સાંસ્કૃતિક રૂપે દેશ વધુ સમૃદ્ધ થઈ જાય છે. જોકે ચોમાસાનો સમય ભારતીયો માટે સાવધાનીનો સમય છે. પૂર અને પાણી ભરાવાથી પણ મોટા પાયે નુકસાન થાય છે. એકંદરે આ પણ એક ખુશખબરી છે કે ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગે આ વર્ષે સામાન્યથી વધુ વરસાદની ભવિષ્યવાણી કરી છે. દેશભરમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વરસાદ ચાર ટકાની મોડલ ત્રુટિ સાથે લાંબી અવધિના સરેરાશના ૧૦૬ ટકા થવાની સંભાવના છે. સારા વરસાદનું વ્યાપક મહત્ત્વ છે, કારણ કે ભારતીય કૃષિ તંત્ર પણ ઘણી હદ સુધી વરસાદ પર નિર્ભરછે. આખી ગ્રામીણ અર્થવ્યવસ્થાનું સીધું વરસાદ સાથે જોડાણ છે અને ગામડાંમાં જો વરસાદને કારણે ખુશહાલી આવે છે, તો તેનાથી શહેરોને પણ લાભ નક્કી છે. બીજી એક વાત ધ્યાન આપવાની છે કે આ વખતે પહાડો અને જંગલોમાં બહુ આગ લાગી છે. ઉત્તરાખંડથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી આગની ફરિયાદો આવી છે. વૈજ્ઞાનિકો પણ એમ માને છે કે ગરમીના દિવસોમાં જંગલોમાં લાગનારી આગનો અસલી ઉપચાર વરસાદ છે.

**ટીઆરપી ગેમ ઝોન માટે તંત્ર એમ કહે છે મંજૂરી લીધા વગર ચાલતું હતું! અને ગેમ ઝોન વાળા મંજૂરી લીધા ની વાત કરે છે!**

# આજકાલ દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર, કાયદો અને કરપ્શન બંને સિક્કાની બે બાજુ હોય, એમ બંને સતત જોડાયેલા દેખાય છે



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કાયદો અને કરપ્શન બંને સિક્કાની બે બાજુ હોય એમ કાયદાની ઘોળીને પી જનારાઓ જુદી જુદી રીતે કરપ્શન કરતાં જોવા મળે છે, અને સમાજને જાણે એની ટેવ પડી ગઈ હોય એમ બધી જ ઘટનાઓ આસાનીથી પચાવી જાય છે, જ્યાં સહિષ્ણુતા દેખાડવાની છે, ત્યાં દેખાડતા નથી અને એમાં મારે શું?**

હાલમાં સમગ્ર મિડિયામાં ભારત બે વાતે વધુ ચર્ચામાં છે, એક તો ચોથી જૂને આવનારા લોકસભાનાં પરિણામ માટે, અને બીજું રાજકોટ નાનામવા ગામમાં આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં વિકરાળ આગને કારણે બનેલી અત્યંત કરુણ ઘટના. અત્યાર સુધીમાં ૨૭ લોકો માર્યા ગયા ના અહેવાલો મળ્યા છે, પણ ગુજરાતમાં આવું માત્ર પહેલીવાર નથી બન્યું એટલે કે જેમાં ૩૦ / ૪૦ લોકો માર્યા ગયા હોય! કદાચ એનાથી પણ વધુ માર્યા ગયા હોય અને છતાં આપણે ગુજરાતનો વિકાસ સૌનો વિકાસ ના નામે બધું જ ભૂલી જઈને આનંદ કરીએ છીએ. દરેક દુર્ઘટના વખતે લોકો ૧૦ દિવસ ૧૫ દિવસ વધીને એક મહિનો એની પાછળ બૂમબરાડા પાડે, અને પછી બધું જેસે થે ની જેમ! કારણ કે આજકાલ દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર એટલો વધી ગયો છે કે કોઈને કોઈ ભ્રષ્ટ થઈ જાય, અને પછી વળી પાછું ભીનુ સંકેલાઈ જાય. જાણે કે કાયદો અને કરપ્શન બંને સિક્કાની બે બાજુ હોય એમ કાયદાની ઘોળીને પી જનારાઓ જુદી જુદી રીતે કરપ્શન કરતાં જોવા મળે છે, અને સમાજને જાણે એની ટેવ પડી ગઈ હોય એમ બધી જ ઘટનાઓ આસાનીથી પચાવી જાય છે, જ્યાં સહિષ્ણુતા દેખાડવાની છે, ત્યાં દેખાડતા નથી અને એમાં મારે શું? આ તકિયા કલામને કારણે આપણા ઘર સુધી નોબત આવી જશે એ કોઈને દેખાતું નથી. ટીઆરપી ગેમ ઝોન માટે તંત્ર એમ કહે છે મંજૂરી લીધા વગર ચાલતું હતું! અને ગેમ ઝોન વાળા મંજૂરી લીધા ની વાત કરે છે! પણ લીધી ન્હોય તો તંત્ર બેજવાબદાર કહેવાય! અને મંજરી લીધાં છતાં આવી ઘટના ઘટે તો એ પણ દોષ એનો જ કહેવાય! એકપણ વખત ત્યાં જઈને જોયું હતું કે નહીં? રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિ કાંડ તપાસમાં એવી કેટલી એ વાતો ખુલી છે કે જે કેટલી હદે કરપ્શન થાય છે, એ બતાવે છે. મંજૂરી આપ્યા પછી અધિકારીઓ એ એરિયામાં ગયા હોય, એની તપાસ કરી હોય, એવો પણ કોઈ પુરાવો છે નહીં! અરે એ લોકો તો મંજૂરી આપી જ નથી એવું કહીને દોષનો ટોપલો બીજા પર ઢોળી રહ્યા છે. ન્યુઝ ૧૮ ચેનલ ના સંવાદદાતા એ જણાવ્યું કે માત્ર ટિકિટ વેચવાની પરવાનગી આપવામાં આવી હતી, અને એ પણ માત્ર રૂ.૨૦ માં જે પાર્ક શરૂ થયો હતો એની માટેની જ મંજૂરી હતી, યુવરાજસિંહ સોલંકી નામના આ ટીઆરપી ઝોનના ઓનર એ પણ ગેમ ઝોન કઈ રીતે બને અને એમાં શું શું કાળજી લેવી જોઈએ? એ વિશે કંઈ જ જાણકારી મેળવી ન હતી. માત્ર કમાવાના હેતુ સાથે શરૂ થયેલો આ ગેમ ઝોન અંતે બળીને ભસ્મીભૂત થઈ ગયો. આગ લાગવાના મુખ્ય કારણ ઝોનમાં વેલ્ડીંગ કામ ચાલી રહ્યું હતું, અને નીચે જ યુ ફોર્મની સીટ પડી હતી, જેની પર વેલ્ડીંગ ને કારણે તણખા પડતાં હતાં, યુ ફોર્મ સીટ જે સ્પંજ થી બનતી હોવાથી તરત જ આગ વિકરાળ બની. આ ઉપરાંત કલર કામ ચાલતું હોવાથી ટર્પેન્ટાઈનના ટીન અને પેટ્રોલ ડીઝલ પણ મોટી માત્રામાં હતું. પોલીસ એફઆઈઆરમાં જણાવાયું છે, “આ તમામ ઈસમોએ આશરે ૫૦ મીટર પહોળું તથા આશરે ૬૦ મીટર લાંબુ અને બેથી ત્રણ માળ ઊંચું લોખંડ અને પતરાનું ફેબ્રિકેશનની મદદથી માળખું ઊભું કરીને તેમાં ગેમ ઝોન બનાવી દીધો હતો.”પોલીસ એફઆઈઆરમાં એમ પણ જણાવાયું છે કે આગને રોકી મનુષ્યજીવનને બચાવી શકાય તેવાં કોઈ અસરકારક ફાયર સેફ્ટીનાં સંસાધનો રાખ્યા વગર કે ફાયર બ્રિગેડની એનઓસી કે પ્રમાણપત્ર મેળવ્યા વગર આ જોખમી જગ્યામાં ગેમ ઝોન ચલાવવામાં આવતો હતો. આ ટીઆરપી ગેમ ઝોન સંપૂર્ણ ફેબ્રિકેશનના સ્ટ્રક્ચર પર બનેલું હોવાનું જણાઈ આવે છે. જેમાં બેઝ તરીકે લોખંડની ઍન્ગલો અને ગેલ્વેનાઇઝનાં પતરાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં અલગ-અલગ વિભાગોમાં ગેમ ઝોન બનાવાયો હતો, અને તેમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઇલેક્ટ્રિક વાયરિંગ તેમજ ઍરકંડિશનરનાં વેન્ટ લાગેલાં હતાં. આ આખા ઝોનમાં આગને રોકીને મનુષ્યજીવનને બચાવી રાખી શકાય તે માટે જરૂરી ફાયર સેફ્ટીનાં સાધનો કાર્યરત જ નહોતાં. સોશિયલ મીડિયા પણ અત્યારે આ મામલે સતત પ્રવૃત્ત છે, અને આવી દુર્ઘટના ના ઘટવી જોઈએ એવાં જુદા જુદા મેસેજો તેમજ ઓડિયો વીડિયો ફોરવર્ડ કરે છે. દેવાંશી જોશી એ પણ પોતાનો વિડીયો મૂકી અને સમાજને જાગૃત કરવા આહવાન કર્યું છે, કે આપણે નાગરિક છીએ અને નાગરિકની ફરજો ભૂલી જઈશું તો સરકારી તંત્ર હેઠળ આપણી કીડી મકોડા અને ઈયળ જેવી હાલત થઈ જશે! પણ કદાચ આપણે એની માટે જ છીએ, લોકોના હાથના રમકડા બનવાનું આપણને હવે ફાવી ગયું છે. આપણી નૈતિકતા આપણે ધીરે ધીરે ખોઈ બેઠા છીએ, અને એને કારણે જ આપણે નાગરિક છીએ, એ પણ આપણે ભૂલી ગયા છીએ! સરકાર કે સરકારી તંત્ર સામે આપણે આપણો અવાજ ઉઠાવવાની હિંમત ગુમાવી બેઠા છીએ, અથવા તો જે થતું હશે એમ જ થશે! એવું માનીને ચૂપ છીએ. પણ આપણી આ ભૂલને કારણે જ આપણે આવી આવી સમસ્યાઓનો સામનો વારંવાર કરવો પડે છે, અને કેટલાય માતા-પિતા પોતાના સંતાનો કે સંતાનો એમાં બાપ અત્યાર સુધીમાં ખોયા છે, અને સરકાર તેમજ સરકારી તંત્ર આ જ રીતે સરમુખત્યાર તરફ આગળ વધી રહ્યું છે. ભારત એ લોકતંત્ર અને લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ હતું, એ બધું હવે ભૂતકાળ બની ગયું છે! પણ ક્યાં સુધી આપણે મૌન બની રહેશો. શું તક્ષશિલાની ઘટના ઘટવી જોઈતી હતી? મોરબીની દુર્ઘટના ઘટવી જોઈતી હતી અને આવી તો અસંખ્ય ઘટનાઓ અત્યાર સુધીમાં ઘટી, જેને માટે કોણ જવાબદાર છે? એ આપણે સરખી રીતે પૂછ્યું પણ નહીં! પણ આવું ક્યાં સુધી શું આપણા ઘરનું કોઈ આવી કોઈ દુર્ઘટનાનો ભોગ બને ત્યારે જ આપણે બોલીશું?? જોકે આપણે જાગૃત નાગરિક હોઈએ તો પણ આપણો પંચાતનો ગુણ આપણને નાગરિકની ફરજ ભૂલવાડી દે છે. જેમકે સોશિયલ મીડિયા અને અન્ય ચેનલ મીડિયા પર અત્યારે એકબીજા સમાચારે આપણે આવી મોટી દુર્ઘટના ભૂલાવી દીધી, અને એ સમાચાર છે હાર્દિક પંડ્યા અને તેની પત્ની નતાશા ના છૂટાછેડાના! કોઈ તો બહુ ચાલાક છે! અને આ રીતે સમાજના મનમાં કંઈક બીજું મૂકીને એને આગની ઘટનાથી દૂર કરવા માંગે છે. હાર્દિક પંડ્યા અને નતાશા છૂટાછેડા લેવા ખરેખર માંગે છે કે, આ એક અફવા છે! એમાં આપણે જવું નથી. પરંતુ આ ઘટનાના ત્રણ ચાર દિવસ બાદ આ સમાચાર વાયરલ થયા છે, એ શું બતાવે છે? અને કદાચ લે તો પણ એમાં આપણે શું? એવું આપણે વિચારતા નથી! અને હાર્દિકની કમાણી નું આખું સરવૈયું આપણે બહાર કાઢી નાખ્યું, ૯૧ કરોડની સંપત્તિનો માલિક છે, અને એમાંથી ૭૦% ની દાવેદારી નતાશા એ નોંધાવી છે, એવા ન્યુઝ પણ મળ્યાં છે, અને એટલે જ હાર્દિક તેને છૂટાછેડા આપશે નહીં. તો બીજા એ અહેવાલમાં હાર્દિકે પોતાની તમામ સંપત્તિ પોતાની માતાને નામે કરી છે એવું પણ વાયરલ થયું છે, અને તો નતાશા ને ભાગે કંઈ જ નહીં આવે! એવું એક દુઃખ વ્યક્ત કરતો મેસેજ પણ વાયરલ થયો છે. પણ ખરેખર શું આપણે એમાં ઈનવોલ થવું જોઈએ? કારણ કે એમાં આપણને એક રૂપિયો મળવાનો નથી. સમાજને ગુમરાહ કરનારા આવી અફવાઓથી આપણે ચેતવાનો સમય આવી ગયો છે! આમ પણ આજે લગ્ન અને ડિવોર્સ એ બંને સામાન્ય બનતું જાય છે, ત્યારે આપણે એને આટલું ચગાવવું શું કામ જોઈએ? રૂપિયા માટે ખરીદાતા અને વેચાઈ જતાં સેલિબ્રિટીઓ પાછળ આપણે આપણો સમય શું કામ બરબાદ કરવો જોઈએ?? ગુજરાતી સમાજનો નાગરિક જ્યાં સુધી આવા દાવપેચ સમજશે નહીં! અને પોતાને જાગૃત નાગરિક તરીકે સાબિત નહીં કરે ત્યાં સુધી આવી અનેક દુર્ઘટનાઓ બનતી રહેશે. જય હિન્દ.

**એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?**

# ભગવાનને પામવાનો સહુથી સહેલામાં સહેલો રસ્તો જપનો છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાનના નામનું સતત રટણ કરનાર ભક્તની સમીપ ભગવાનને આવવું જ પડે છે ભગવાનને પામવાનો સહુથી સહેલામાં સહેલો રસ્તો જપનો છે. જપ કરવામાં નથી કોઈ વિધિ કરવી પડતી કે નથી કોઈ આકરું તપ કરવું પડતું કે નથી લાંબા લાંબા ધ્યાન કરવા પડતાં, ફક્ત પ્રભુના નામનું સતત રટણ કરવાનું હોય છે.**

માણસનું મન ખૂબ અશાંત બની ગયું હોય છે, જીવનમાં ચારે બાજુ નિરાશા વ્યાપી ગઈ હોય છે. જીવવાનો રસ ઊડી ગયો હોય છે. ચારે બાજુથી ઘેરાઈ ગયા હોય તેવું લાગે ત્યારે બીજું કંઈ ન કરતાં, બસ ભગવાનના નામનો મોટે મોટેથી જપ કરવો જોઈએ. જેમ વ્યક્તિ પોતાના માતાપિતા કે મિત્રને બોલાવે તેમ મોટે મોટેથી ભગવાનને બોલાવવા. વારંવાર એમના નામનું રટણ કરવાથી વ્યક્તિની આંતરિક સ્થિતિ આશ્ચર્ય કારક રીતે બદલાઈ જાય છે. તેના મનમાં શાંતિ ઊતરી આવે છે. એ શાંત મનમાં વિચાર કરતાં તેને જણાય છે કે ‘આટલી નાની અમસ્તી મુશ્કેલીમાં કંઈ મરી જવા જેવું નથી. પછી અંદરથી જ તેને હિંમત મળે છે. અને તેની નિરાશા ક્યાંય ચાલી જાય છે. મનુષ્યની આંતરિક સ્થિતિને ઊંચે ઊઠાવ વાની અદ્ભુત શક્તિ ભગવાનના નામમાં રહેલી છે. ઘણી વખત એવું પણ બને છે કે નિરાશ અને હતાશ બની ગયેલો મનુષ્ય નામ સ્મરણ કરે તો પછી તેના બાહ્ય સંજોગો પણ આશ્ચર્ય કારક રીતે બદલાઈ જાય છે. તે એવી વ્યક્તિઓના સંપર્કમાં આવે છે કે જેના દ્વારા તેને ભરપૂર સહાય મળે છે. તે પોતાના જીવન ની કટોકટીમાંથી ઊગરી જાય છે.પ્રભુના નામનું સતત રટણ એટલે જપ. સૂક્ષ્મ જગતનો નિયમ છે કે મનમાં પણ જો કોઈને સતત બોલાવવામાં આવે તો તે વસ્તુ કે વ્યક્તિ પાસે આવે જ. પણ એ કયારે આવે તેનો સમય નિશ્ચિત હોતો નથી. એવી જ રીતે ભગવાનના નામનું સતત રટણ કરનાર ભક્તની સમીપ ભગવાનને આવવું જ પડે છે ભગવાનને પામવાનો સહુથી સહેલામાં સહેલો રસ્તો જપનો છે. જપ કરવામાં નથી કોઈ વિધિ કરવી પડતી કે નથી કોઈ આકરું તપ કરવું પડતું કે નથી લાંબા લાંબા ધ્યાન કરવા પડતાં. ફક્ત પ્રભુના નામનું સતત રટણ કરવાનું હોય છે. ભગવાનના નામનું સતત રટણ કરવાથી સ્થૂલ ભૌતિક મન પર પણ તેના વિદ્યુત તરંગો સતત પડતા રહે છે અને તેથી સ્થૂલ મન વધારે સૂક્ષ્મ બનતાં સૂક્ષ્મ જગતની અનેક વસ્તુઓ દેખાવા લાગે છે. પહેલાં જે નહોતું સમજાતું તે સમજાવા લાગે છે. એ અવિરત ચાલતી જપધારામાં જો મન ઓગળી જાય તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. તો અખો માનવ જીવને શબ્દોના ચાબખા મારીને કંઈક આવું કહે છે. તિલક કરતાં ત્રેપન થયાં,ને જપ માળાનાં નાકાં ગયાં, તીરથ ફરી ફરી થાકયા ચરણ,તોય ન પહોંચ્યો હરિને શરણ. કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન. એ અખા વડું ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત? દેહાભિમાન હૂતો પાશેર, વિદ્યા ભણતાં વાધ્યો શેર; ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો; અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું ખોય. એક એવો સાથી છે, જે કદી દગો દેતો નથી, એવો મિત્ર છે, જેનો પ્રેમ આશ્વાસન આપે છે ને બલ પ્રેરે છે. જ્યારે જ્યારે તમને એવું લાગે કે તમે એકલા છો, ત્યારે ત્યારે તમે તેની પ્રકાશમાન હાજરી ની અનુભૂતિ કરવા વધારે તૈયાર બનો છો. શ્રદ્ધા રાખો અને તે તમારા માટે બધું જ કરી આપશે” ભગવાન સદા ય સાથે છે ને તેમની સહાય અચૂક મળી રહી છે. એમાં શ્રદ્ધા રાખવી જોઈએ. આ સંદર્ભમાં એક અજ્ઞાત અંગ્રેજી કવિનું સુંદર કાવ્ય છે, ‘ફુટ પ્રીન્ટ્સ' રેતીમાંના પગલાં- એમાં એક માણસ સ્વપ્નામાં જુએ છે કે તે પોતે પ્રભુની સાથે રેતી પર ચાલી રહ્યો છે. ત્યાં અચાનક આકાશપટ પર એના જીવનની ઘટનાઓનાં દશ્યો દેખાવા લાગ્યાં. તેની સાથે સાથે એ રેતીમાં ચાર ચાર પગલાંની નિશાનીઓ તે જોવા લાગ્યો. તેણે જોયું કે બે પગલાં તેનાં હતાં, અને બે પગલાં પ્રભુના પણ સાથે સાથે જ હતાં. અચાનક એનું ધ્યાન ગયું તો વચ્ચેવચ્ચે એક જ મનુષ્યનાં પગલાં દેખાતાં હતાં તેણે આકાશપટ પર જોયું તો એ સમયગાળો તેના જીવનની ભારે મુશ્કેલીનોને કટોકટીનો એ સમય હતો.ત્યારે રેતીમાં એક જ પગલાં ની જોડ દેખાતી હતી.તેણે ભગ વાનને પૂછ્યું, “જ્યારે મને તમારી સહુથી વધારે જરૂર હતી, ત્યારે તમે મને છોડીને ચાલ્યા ગયા ? એ મુશ્કેલીની વચ્ચે એકલો મૂકી દીધો? ત્યારે ભગવાને કહ્યું; વત્સ, એ પગલાં તારાં નથી પણ મારાં છે. તારી એ કટોકટીના સમયે મેં તને ખભા પર ઊંચકી લીધોહતો એટલે તારા પગલાં ક્યાંથી હોય ? ભગવાન એમના બાળકોને દુઃખમાં ઊંચકી લેતા હોય છે, પણ આપણને એમની કૃપા - કરુણામાં વિશ્વાસ હોતો નથી.

**જપ કયા નામનો કરવો ?**

પ્રભુના જે સ્વરૂપમાં શ્રદ્ધા હોય એના નામનો જપ કરવાથી મન જલ્દી એકાગ્ર થાય છે. એ સ્વરૂપ પ્રત્યે પ્રેમ હોવાથી તેમાં હૃદયના ભાવ ભળે છે. ઉત્કટતા વધે છે. તેથી પરિણામ ઝડપી આવે છે. જો ગુરુએ ઈષ્ટમંત્ર આપ્યો હોય તો તેના જપ કરવાથી સિદ્ધિ જલ્દી મળે છે. કેમકે ગુરુએ એ મંત્રને પોતાની ચેતનામાં સિદ્ધ કર્યો હોય છે. શિષ્યની ચેતનાને અનુરૂપ એ મંત્ર હોવાથી એ મંત્ર ખૂબ જલ્દીથી ફળે છે. પણ જો ગુરુ ન હોય તો પ્રભુના કોઈ પણ નામનો જપ કરી શકાય છે. પણ જપમાં પૂરી શ્રદ્ધા હોવી જોઈએ અને એકાગ્રતાપૂર્વક કરવો જરૂરી છે. ઘણીવાર એવું બનતું હોય છે કે માણસના હાથમાં જપમાળા ફરતી હોય, તેના હોઠ ફફડતા હોય, પણ મન ક્યાંય ભટકતું હોય તો પછી આવો જપ ટેપરેકોર્ડરની કેસેટ વાગ્યા કરતી હોય, એવો બની જાય છે. એકની એક કેસેટ ટેપરેકોરિમાં વારંવાર વાગે છે, તો પણ ટેપરેકોર્ડરમાં કંઈ ફેરફાર થતો નથી. એવી જ રીતે જો યંત્રવત જપ કરવામાં આવે તો મનમાં કંઈ પરિવર્તન આવતું તથી. એમાં કોઈ ભાવ જાગતો નથી. ઈષ્ટમંત્રનો જપ કરતી વખતે ભગવાન સાથેનું અદશ્ય અનુસંધાન થવું જોઈએ. મન તેમાં ડૂબવું જોઈએ તો જ મંત્ર સિદ્ધ બને છે. જપ કેવી રીતે કરવો ?એ પણ એક પ્રશ્ન ઊઠે છે. જપ મનમાં પણ થઈ શકે. મોટેથી પણ થઈ શકે. જપમાળાથી પણ થઈ શકે. જપ માળા વગર પણ થઈ શકે. શરૂઆતમાં માનસિક સંતોષ ખાતર જપમાળા દ્વારા ગણત્રી પૂર્વકના જપ કરવામાં આવે તો માનસિક સંતોષ રહે છે, અને ઉત્સાહ વધે છે. પછી તો એવી સ્થિતિ આવી જાય છે કે બાહ્ય કાર્યો કરતાં કરતાં પણ અંતરમાં એ જપ સતત ચાલુ રહે છે. પ્રભુના નામસ્મરણની ધારા અવિરત ચાલતી રહે છે. પછી નામ ને નામી એકરૂપ બની જાય છે. ભેદ ભુંસાઈ જાય છે.હરિના નામ જપ દ્વારા સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિ કરી હતી. તેઓ તો કંઈ ભણેલાં નહોતાં. સાસરે હતાં ત્યાં આખો દિવસ સખ્ખત કામ રહેતું. પણ રાત્રે ‘હરિબોલ’ ‘હરિબોલ’ આ મંત્રનું અવિરત રટણ કરતાં. આખીરાત જય ચાલતો રહેતો પછી તો દિવસના ભાગમાં પણ અંદર એ જપ સતત થવા લાગ્યો. એમાં એમનું બાહ્યભાન લુપ્ત થવા લાગ્યું. સહજ સમાધિ થવા લાગી, નામ-નામી એક બની ગયા. સમગ્ર વિશ્વ શ્રીહરિરૂપ બની ગયું. તેમના મુખમાંથી વેદની ઋચાઓ જેવા સુકતો પ્રગટવા લાગ્યા. એમના હૃદયમાંથી સ્વયંભૂપણે મંત્ર પ્રગટયો અને અંતર્માથી ભગવાન ગુરુ બન્યા ને પોતાની દીક્ષા પોતે જાતે જ લીધી. પછી પોતાના પતિને દીક્ષામંત્ર આપી પ્રથમ શિષ્ય બનાવ્યા. આ યુગમાં પણ પ્રભુના નામના જપ દ્વારા માત્ર પ્રભુનો સાક્ષાત્કાર જ નહીં, પણ સચ્ચિદાનંદ સ્વરૂપ બની શકાય છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણી સમક્ષ છે. શરૂઆતમાં મનને જપમાં કંટાળો આવે, થાક લાગે, તે છટપટવા લાગે છે કેમકે એનો સ્વભાવ જ ચંચળ છે. એને કોઈ એક વસ્તુમાં એકાગ્ર થવું ગમતું નથી તલપૂર્વક જો જપ ચાલુ રાખવામાં આવે તો મંત્રના પ્રભાવથી મણણ કામ થવા લાગે છે.જપ દ્વારા થતા ભગવાન ના મંક્રમના એકધારા રટણથી મન માં, શરીરમાં એનાં આંદોલનો પ્રસરવા લાગે છે.આ આંદોલનોને પરિણામે ભૌતિક શરીરમાં પણ એવી રાસા યણિક બ્રાંમણ થવા લાગે છે કે તેનાથી શરીર હળવું ને સ્ફૂર્તિદાયક બને છે. આ અંગેના ઘણા પ્રયોગો પણ વૈજ્ઞાનિકોએ કરેલા છે. મંત્રજપથી શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે ને શરીર તેજસ્વી બને છે. હરિ ૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટાએ નામ જપ દ્વારા પોતાનો અસાધ્ય રોગ દૂર કર્યો હતો. માત્ર શરીરની જ નહીં પણ સમગ્ર ચિત્તની અને અંતઃકરણની શુદ્ધિ પ્રભુના નામ જપ થી થાય છે. હવે બીજો એક પ્રશ્ન એ પણ થાય છે કે જપ કયારે કરવો ? આમ તો ભગવાનનું નામ ગમે ત્યારે લઈ શકાય છે. પણ એકધારો જપ કરવો હોય તો જે સમયે બિલકુલ વિક્ષેપ ન પડે તે સમય પસંદ કરવો જોઇએ. આ માટે સામાન્ય રીતે બ્રહ્મમુહૂર્તને એટલે પ્રભાતના સમયને વિશેષ સાનુકૂળ ગણવામાં આવે છે.

## ગરમીમાં શરીરને ઠંડુ રાખવામાં કરે છે મદદ



દેશી ખજૂરના ઝાડ પર ઉનાળા દરમિયાન ફળ આવે છે, તે ઘણા પોષક તત્વોથી ભરપૂર હોય છે. જે સ્વાદમાં જ ખૂબ મીઠી હોય છે. આ ખજૂર તડકામાં પણ શરીરને ઠંડક આપે છે. સ્ત્રીઓમાં એનિમિયાની સમસ્યા જોવા મળતી હોય છે. જેના કારણે ઘણી મહિલાઓ એનિમિયાનો શિકાર પણ બને છે. આ રોગથી છુટકારો મેળવવા માટે મહિલાઓ શરીરમાં લોહીની ઉણપને દેશી ખજૂરનું સેવન કરી શકે છે. દેશી ખજૂરનું બોટનિકલ નામ ફોનિક્સ છે જે સિલ્વેસ્ટ્રીસ છે, જે Arecaceae પરિવારનો એક ભાગ ગણાય છે. તેને દેશી ખજૂર, જંગલી ખજૂર જેવા નામોથી ઓળખવામાં આવે છે, જે સ્વાદમાં મીઠી હોય છે. દેશી ખજૂરમાંઘણા પોષક તત્વો અને વિટામિન્સ જોવા મળે છે, જેમાં મુખ્યત્વે કાર્બોહાઈડ્રેટ્સ, ફિનોલ્સ, એમિનો એસિડ, ટેર્પેનોઈડ્સ, ફાઈબર, વિટામિન્સ અને ઘણા પ્રકારના મિનરલ્સ મળી આવે છે, જે આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. ચોમાસામાં દરરોજ ખજૂરનું સેવન કરો. ખજૂરને આરોગ્ય માટે ખૂબ સારી માનવામાં આવે છે. રોજ તેનું સેવન કરવાથી તમે તમારી જાતને અનેક રોગોથી બચાવી શકો છો. ચોમાસામાં ખજૂર ખાવાના ઘણા ફાયદા છે. દરેકને ચોમાસાની ઋતુમાં તેના આહારની વિશેષ કાળજી લેવાની જરૂર હોય છે. ચોમાસામાં દેશી ખજૂર ખાવાના પોતાના અલગ ફાયદાઓ છે. ખજૂર એ કુદરતી સ્વીટનર છે અને ઉર્જા વધારવા સાથે સાથે હિમોગ્લોબિનનું સ્તર સુધારે છે. ફાઈબરથી ભરપૂર હોવાથી તે કબજિયાત તેમજ એસિડિટીથી પણ બચાવે છે. ઈમ્યુનિટી મજબૂત બનાવવા શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા માટે , પ્રોટીન, આયર્ન સહિતના કેટલાક વિટામિન્સની વધુ જરૂર હોય છે. આવી સ્થિતિમાં, ખજૂરમાં હાજર પ્રોટીન સ્નાયુઓને મજબુત બનાવે છે અને ઈમ્યુનિટી પણ વધારે છે. ઊંઘને લગતી સમસ્યાઓથી છૂટકારો મેળવવા માટે અસરકારક, આવા ગુણધર્મો ખજૂરમાં જોવા મળે છે જે તાણમાંથી રાહત મેળવીને સારી ઊંઘ આપવામાં મદદ કરે છે. વ્યાયામ શક્તિ વધારે છે. તારીખોમાં પોટેશિયમ, સોડિયમ અને ફાઈબરની સાથે વિટામિન બી ૧, બી ૨, બી ૩, બી ૫, એ ૧ અને વિટામિન સી ભરપૂર હોય છે. જે તમારી શક્તિ વધારવામાં મદદ કરે છે. કબજિયાત અને એસિડિટીથી રાહત ખજૂર કબજિયાતની સમસ્યાથી રાહત આપે છે . તેમાં જઠરાંત્રિય ચેપને સંતુલિત કરવા માટેના ગુણધર્મો પણ છે. આની સાથે તેમાં હાજર ફાઈબર તમને કબજિયાત તેમજ પાચનની અનેક સમસ્યાઓથી બચાવે છે.

# રોગપ્રતિકારક શક્તિથી ભરપૂર છે આ નાનકડું ફળ, હૃદયને રાખશે સ્વસ્થ

કરોંદાના ફળનો સ્વાદ મીઠો અને ખાટો હોય છે. કાચા ફળ ખાટા હોય છે. યોગ્ય રીતે રાંધ્યા પછી તેનો સ્વાદ મીઠો લાગે છે. આવો જાણીએ કરોંદામાં રહેલા ઔષધીય ગુણ કેટલા ઉપયોગી છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ માટે ભારત દેશ જાણીતો છે. આજે પણ આયુર્વેદિક જડીબુટ્ટીઓ અને ઔષધીય વનસ્પતિઓનો ઉપયોગ અનેક રોગોની સારવાર માટે થાય છે. કરોંદા પણ એક ઔષધીય છોડ છે. જેના ફળોનો ઉપયોગ ચટણી સિવાય તેમાથી અથાણું અને શરબત પણ બનાવવા માટે થાય છે. કરોંદાના ફળનો સ્વાદ મીઠો અને ખાટો હોય છે. કાચા ફળ ખાટા હોય છે. યોગ્ય રીતે રાંધ્યા પછી તેનો સ્વાદ મીઠો લાગે છે. આવો જાણીએ કરોંદામાં રહેલા ઔષધીય ગુણ કેટલા ઉપયોગી છે. ગરમીથી રાહત આપે છે કરોંદા, કરોંડાનો છોડ ઝાડી જેવો છે. તેની ઊંચાઈ ૬ થી ૭ ફૂટ સુધીની છે. પાંદડામાં કાંટા હોય છે જે મજબૂત હોય છે. આ સિવાય ફૂલોની ગંધ પણ જુહી જેવી જ છે. તેના ફળો ગોળ, નાના અને લીલા રંગના હોય છે. જ્યારે તે પાકે ત્યારે તે કાળા રંગના થઈ જાય છે. તેની અંદરથી ચાર બીજ પણ નીકળે છે. તમે કરોંદાનો ઘણી રીતે ઉપયોગ કરી શકો છો. કરોંદામાંથી



ચટણી અને અથાણું બનાવી શકાય છે. ગરમીની ખરાબ અસરને દૂર કરવા ઉપરાંત, કરોંદાનો રસ આપણા શરીરને સંતુષ્ટ કરવામાં મદદરૂપ છે. કરોંદાનું બોટનિકલ નામ કેરિસા કેરેન્ડસ છે. તેના કાચા ફળનો સ્વાદ ખાટો હોય છે. ચટણી કાચા ફળોમાંથી બનાવવામાં આવે છે. જો તેને પાકતા પહેલા તોડી લેવામાં આવે તો તેમાંથી અથાણું બનાવવામાં આવે છે. અથાણું અને ચટણી બંને સ્વાદિષ્ટ હોય છે એટલે કે ખાવામાં રસ ન હોય તો કરોંદાની ચટણી ખાવાથી સ્વાદ સારો આવે છે. આ ઉપ રાંત કરોંદા પાચનક્રિયા અને સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. પાકેલા કરોંદાના ફળમાંથી પાનક એટલે કે શરબત પણ બનાવવામાં આવે છે. તેનો સ્વાદ મીઠો અને ખાટો હોય છે. જો શરબતમાં ખાંડ કે ગોળ ઉમેરવામાં આવે તો તેનો સ્વાદ અદભુત લાગે છે. કરોંદાના ફળનો સ્વાદ મીઠો અને ખાટો હોય છે. કાચા ફળ ખાટા હોય છે. યોગ્ય રીતે રાંધ્યા પછી તેનો સ્વાદ મીઠો લાગે છે. આવો જાણીએ કરોંદામાં રહેલા ઔષધીય ગુણ કેટલા ઉપયોગી છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ માટે ભારત દેશ જાણીતો છે. આજે પણ આયુર્વેદિક જડીબુટ્ટીઓ અને ઔષધીય વનસ્પતિઓનો ઉપયોગ અનેક રોગોની સારવાર માટે થાય છે. કરોંદા પણ એક ઔષધીય છોડ છે. જેના ફળોનો ઉપયોગ ચટણી સિવાય તેમાથી અથાણું અને શરબત પણ બનાવવા માટે થાય છે. કરોંદાના ફળનો સ્વાદ મીઠો અને ખાટો હોય છે. કાચા ફળ ખાટા હોય છે. યોગ્ય રીતે રાંધ્યા પછી તેનો સ્વાદ મીઠો લાગે છે. આવો જાણીએ કરોંદામાં રહેલા ઔષધીય ગુણ કેટલા ઉપયોગી છે. કરોંદાનો છોડ ઝાડી જેવો છે. તેની ઊંચાઈ ૬ થી ૭ ફૂટ સુધીની છે. પાંદડામાં કાંટા હોય છે જે મજબૂત હોય છે. આ સિવાય ફૂલોની ગંધ પણ જુહી જેવી જ છે. તેના ફળો ગોળ, નાના અને લીલા રંગના હોય છે. જ્યારે તે પાકે ત્યારે તે કાળા રંગના થઈ જાય છે. તેની અંદરથી ચાર બીજ પણ નીકળે છે. તમે કરોંદાનો ઘણી રીતે ઉપયોગ કરી શકો છો.

## ગરમી-તડકાથી કાળો થઈ ગયો છે ચહેરો? લગાવો આ ફેસપેક



શક્કર ટેટી સ્કિનની સુસ્તી અને ડ્રાયનેસ દૂર કરે છે. તે સ્કિનને હાઈડ્રેટ કરે છે કારણ કે તેમાં પાણીની માત્રા વધુ હોય છે. આ ઉપરાંત તે સ્કિનની ઉંમર વધતા રોકે છે. શક્કર ટેટી કરચલીઓ, કાળા ડાઘ, ડાર્ક સર્કલ દૂર કરે છે. ગરમીના ફળ સ્કિનની સાથે-સાથે શરીરને પણ તરોતાજા કરી દે છે. તે પાણીથી ભરપૂર હોય છે, જે આપણા શરીરમાં થતી પાણીની કમી પૂરી કરવા માટે કારગર સાબિત થઈ શકે છે. તેમાંથી એક છે શક્કર ટેટી. તેમાં રહેલા વિટામિન એ, બી અને સી આપ ણી સ્કિનને હેલ્ધી, યંગ અને મુલાયમ રાખે છે. જો તમે ઈચ્છતા હોય કે તમારી સ્કિન ચમકતી રહે તો શક્કર ટેટીનો ઉપયોગ કરી શકો છો. શક્કર ટેટી સ્કિનની સુસ્તી અને ડ્રાયનેસ દૂર કરે છે. તે સ્કિનને હાઈડ્રેટ કરે છે કારણ કે તેમાં પાણીની માત્રા વધુ હોય છે. આ ઉપરાંત તે સ્કિનની ઉંમર વધતા રોકે છે. શક્કર ટેટી, કાળા ડાઘ, ડાર્ક સર્કલને દૂર કરે છે. તેમાં ફોલિક એસ્ડ હોય છે જે સ્કિનની કોશિકાઓને પુનર્જીવિત કરે છે અને સ્કિનને હેલ્ધી તથા યંગ રાખે છે. તેમાં હાજર વિટામિન એ અને સી કોલેજન ઉત્પાદનને વધારે છે. તેનાથી સ્કિનમાં ચમક આવે છે. શક્કર ટેટીના ટુકડા લો અને તેને આખા ચહેરા અને ગરદન પર માલિશ કરો. પછી તેને ૧૫-૨૦ મિનિટ સુધી રાખો અને સૂકાયા બાદ તમારો ચહેરો ધોઈ લો. તે તમારા ચહેરા પરથી ગંદકી હટાવી દેશે. તેનાથી તમારો ચહેરો ફ્રેશ લાગશે.

# ઝટપટ ચશ્માના નંબર ઉતરી જશે, આંખોની રોશની વધશે

આંખોને લગતી તકલીફો લોકોમાં વધી રહી છે. આજના આ સમયમાં નાના બાળકોને ચશ્મા આવવા લાગે છે. આ પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. આમ, તમે આ ટિપ્સ ફોલો કરશો તો આંખોની રોશની વધી જશે અને ચશ્માના નંબર ઉતરી જશે. આજની આ ફાસ્ટ લાઈફમાં નાના બાળકોથી લઈને મોટા..એમ મોટાભાગના લોકોને આંખોને લગતી તકલીફો હોય છે. ઓછુ દેખાવું, આંખોમાં સોજા આવવા, આંખોમાં બળતરા થવી તેમજ બીજી અનેક નાની-મોટી સમસ્યાઓ થતી હોય છે. ટીવી, મોબાઈલ તેમજ બીજી અનેક પ્રવૃતિઓને કારણે આંખોની રોશની ઓછી થવા લાગે છે. આ સાથે આંખો પણ ખરાબ થઈ જાય છે. આમ, તમને આંખોમાં કોઈ તકલીફ થાય છે



તો આ ઉપાયો તમારા માટે બેસ્ટ છે. તો જાણો આ ઉપાયો વિશે જે તમારી આંખોની રોશની વધારે છે અને સાથે આંખોને લગતી અનેક તકલીફો દૂર કરે છે. લેપટોપ-મોબાઈલ જોવાને કારણે આંખોને નુકસાન થાય છે. આ માટે તમે વારંવાર આંખોને પટપટાવતા રહો. આ સાથે સ્ટ્રેસ લેશો નહીં. આંખોને ૨ સેકન્ડ માટે બંધ કરો અને પછી ખોલો. આમ કરવાથી આંખોને આરામ મળશે.



દિવસમાં આ પ્રોસેસ તમે ૫ થી ૭ વાર કરો. તમે સતત લેપટોપમાં કામ કરો છો તો આંખોને ગોળ-ગોળ ફેરવતા રહો. આ સાથે તમારા બાળકને પણ આ આદત પાડો. તમારા બાળકને ફોન તમે વધારે આપો છો તો આ પ્રોસેસ કરાવતા રહો. આમ કરવાથી આંખોની રોશની વધે છે અને સાથે આંખોને લગતી અનેક તકલીફો દૂર થાય છે. એક્સપર્ટ અનુસાર આંખોની રોશની વધારવા માટે તમે પામિંગ એક્સેસાઈઝ કરો. આ એક્સેસાઈઝ તમારી આંખોની રોશની વધારવાનું કામ કરે છે. આ એક્સેસાઈઝ દિવસમાં ૫ થી ૭ વાર કરો. આ એક્સેસાઈઝ તમે તમારા બાળકોને પણ ખવડાવો. આંખોની રોશની વધારવા દર એક કલાકે આંખોમાં ઠંડુ પાણી છાંટતા રહો. ઠંડુ પાણી છાંટવાથી આંખોમાં ઠંડક મળે છે. આ પ્રોસેસ દિવસમાં ૧૫ થી ૨૦ વાર કરો. સૂર્યોદય પહેલાં આમ કરવાથી અનેક લાભ થાય છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર હેલ્ધી અને પૌષ્ટિક ડાયટથી આંખોને અનેક ઘણો ફાયદો થાય છે. ખાવામાં ન્યુટ્રિએન્ટ્સથી ભરપૂર આહાર લો. આ સાથે વિટામીન સીને ડાયટમાં એડ કરો. ઈંડા, નટ્સ, બીન્સનું સેવન કરો. આમ, આ ટિપ્સ ફોલો કરશો તો મહિનામાં તમને એની અસર જોવા મળશે.

BOLLYWOOD NEWS FLASH

## બંને દિલ્હીમાં બેરી જોહ્નનાં થિએટર ગ્રુપમાં સાથે કામ કરતા



### પોતાની ઓળખ બનાવવાનો સંઘર્ષ કરતા હતા અને સાથે આર્થિક સંઘર્ષના દિવસો પણ પસાર કરી રહ્યા હતા

મનોજ બાજપેયીએ શાહરૂખ ખાન સાથે વિતાવેલાં સમયની યાદો તાજી કરી હતી. તેઓ બંને દિલ્હીમાં બૅરી જોહ્નનાં થિએટર ગ્રુપમાં સાથે કામ કરતા હતા. બંને એ સમયે પોતાની ઓળખ બનાવવાનો સંઘર્ષ કરતા હતા અને સાથે આર્થિક સંઘર્ષના દિવસો પણ પસા કરી રહ્યા હતા. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં મનોજ બાજપાઈએ યાદ તાજી કરી કે, કેવા તેઓ બંને સાથએ સિગારેટ પીતા હતા. મનોજે આ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું, “જ્યારે તમે એક થિએટર ગ્રુપમાં હોય અને કોઈ એક સિગારેટ પીતું હોય, તો એક ક્યારેય એકલા સિગારેટ પીશે નહીં. કોઈ એકલાં એક સિગારેટ નહીં પીવે કારણ કે એકલાંને એક સિગારેટ પોષાય જ નહીં. તેથી કોઈ પણ એક પાસે એક સિગારેટ હશે તો એ શેર કરવા માટે બીજા ચાર લોકો ગોતી લેશે.” મનોજે આગળ જણાવ્યું, “જો એક માણસ પાસે સિગારેટનું આખું પેકેટ ખરીદવાના પૈસા હશે, કે તે એક સિગારેટ પણ ખરીદી શકે તેમ હશે તો પણ તેને એકલાં સિગારેટ પીવાનું નહીં પોષાય કારણ કે બીજા લોકોએ ભૂતકાળમાં તેની સાથે સિગારેટ શેર કરી હતી તો હવે આ તેનો વારો છે.” મનોજે જણાવ્યું કે તે જ્યારે બૅરી જોહ્નના થિએટર ગ્રુપ સાથે થોડો વખત હતો ત્યારે મુંબઈ આવતા પહેલા થોડાં વખત માટે શાહરૂખ પણ થિએટર ગ્રુપ સાથે હતો. મનોજે જણાવ્યું કે, તે શેખર કપૂરની ‘બેન્ડિટ ક્વીન’માં કામ કર્યા પછી મુંબઈ આવ્યો. આ પહેલાં પણ એક સોશિયલ મીડિયા પરના ઈન્ટરવ્યૂમાં મનોજે કહ્યું હતું કે શાહરૂખ ખાન જ તેને પહેલી વખત ડિસ્કોથેકમાં લઈ ગયો હતો. મનોજે કહ્યું, “શાહરૂખ એકમાત્ર વ્યક્તિ હતો જે તે સમયે પણ મારુતિ વૅન લઈને આવતો હતો. એ સમયે મારુતિ વૅન, લાલ કલરની, મને હજુ પણ યાદ છે. એ જ મને પહેલી વખત દિલ્હીમાં તાજ હોટેલમાં ડિસ્કો થેકમાં લઈ ગયો હતો.

# ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ ફિલ્મ માટે જોરદાર એડવાન્સ બુકિંગ ક્રેઝ

જહાન્વી કપૂર અને રાજકુમાર રાવની ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ મિડિયમ બજેટ ફિલ્મે તેની રિલીઝ પહેલા જ એવું વાતાવરણ ઊભું કર્યુ છે, જેની કોઈને અપેક્ષા નહોતી. થોડા દિવસો પહેલા રિલીઝ થયેલા ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ના ટ્રેલરને લોકોનો સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને ફિલ્મના ગીતો પણ ખૂબ લોકપ્રિય થયા છે. આવી સ્થિતિમાં, સ્થિતિ તેના નક્કર ઓપનિંગ માટે પાકી હોય તેવું લાગી રહ્યું હતું.આ અઠવાડિયે, જ્યારે જહાન્વી અને રાજકુમારની ફિલ્મ માટે બુકિંગ શરૂ થયું, ત્યારે લોકો ઝડપથી ટિકિટ બુક કરતા જોવા મળ્યા,




પરંતુ ગુરુવારના અંત સુધીમાં, ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ માટે જે પ્રકારનું બુકિંગ થયું છે તેની ભાગ્યે જ કલ્પના કરવામાં આવી હશે નિર્માતાઓએ પણ તે કર્યું ન હોત. એડવાન્સ બુકિંગ ક્રેઝની હાલત એવી છે કે દિલ્હી અને મુંબઈના ઘણા મોટા થિયેટરોમાં ફિલ્મના ઘણા શો આ ફિલ્મ માટે હાઉસફુલ થઈ ગયા છે. જયપુર, ચંદીગઢ અને લખનૌ જેવા શહેરોમાં પણ ઘણી જગ્યાએ ફિલ્મના શો હાઉસફુલ જોવા મળી રહ્યા છે અને બાકીના સ્થળો ઝડપથી ભરાઈ રહ્યા છે. ટ્રેડ રિપોર્ટ્સ સૂચવે છે કે ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ના પ્રથમ દિવસ માટે, રાષ્ટ્રીય સાંકળોમાં લગભગ ૨.૧૫ લાખ ટિકિટો અગાઉથી બુક કરવામાં આવી છે. ૨૦૨૪ માં અત્યાર સુધી, તેલુગુ સ્ટાર મહેશ બાબુની ફિલ્મ ‘ગુંટુર કરમ’ને રાષ્ટ્રીય ચેઈન્સમાં સૌથી વધુ બુકિંગ મળી હતી.

### જેણે દિલ તોડ્યું એ હજુ જાન્હવીના જીવનમાં છે

# દિલ તોડનારાએ જ તે સંબંધ છોડવાના બદલે તેમાં જ રહેતાં શીખવ્યું: જાન્હવી

**તાજેતરમાં જાન્હવી ઘણા સમયથી શીખર પહારિયા સાથે ડેટ કરી રહી હોવાની ચર્ચા**

જાન્હવી કપુરે ક્યારેય પોતાની પર્સનલ કે પ્રોફેશનલ લાઈફ વિશે વાત કરવામાં શરમ અનુભવી નથી અને એ પણ કશું જ છુપાવ્યાં કે બદલ્યાં વિના વાત કરી છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું કે કઈ રીતે જે વ્યક્તિએ તેનું દિલ સૌથી ખરાબ રીતે તોડ્યું એ હજુ તેનાં જીવનમાં છે, તેનાથી જ તેને સંબંધમાં રહેતાં આવડ્યું. તાજેતરનાં જ એક પોડકાસ્ટ શોમાં જાન્હવીએ હાર્ટબ્રેક અને રોમાન્સ વિશે પણ વાત કરી હતી. જાન્હવીએ જણાવ્યું, “તમે જ્યારે કોઈ બાબત પાસે બહુ જ અપેક્ષાઓ રાખો, તેમાંથી અમુક ચોક્કસ પરિણામોની આશા રાખો પછી ભાવુક થઈને કોઈ વિચાર સાથે જોડાવ ત્યારે



આવું થાય છે. પછી તમે જે રીતે ઈચ્છો તે રીતે એ બાબતો બશે નહીં.” આગળ જાન્હવીએ એવું પણ કહ્યું કે તેણે જીવનમાં હાર્ટબ્રેક્સ પણ અનુભવ્યા છે અને એક વખત તો રોમેન્ટિક હાર્ટબ્રેકમાંથી પણ પસાર થવું પડ્યું છે. જોકે, તેણે જ્યારે પોતાની માતા શ્રીદેવીને ગુમાવી ત્યારે તેનું દિલ સૌથી વધુ તૂટ્યું હતું. આગળ જાન્હવીએ કહ્યું, “રોમેન્ટિક હાર્ટબ્રેકમાંથી હું બહાર આવી શકી કારણ કે એ વ્યક્તિએ ક્યારેય મને જીવનમાં એકલી છોડી નહીં અને તેનાથી મને ઘણી મદદ મળી. જ્યારે તમારો હેતુ સ્પષ્ટ હોય કે અમુક બાબતો કેમ બની. ત્યારે ક્લોઝર તમને મદદ કરે છે.” તાજેતરમાં જાન્હવી ઘણા સમયથી શીખર પહારિયા સાથે ડેટ કરી રહી હોવાની ચર્ચાઓ ચાલે છે.

## પ્રભાસની ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’નું બજેટ ૬૦૦ કરોડને દોરી જશે




સાઉથ ઈન્ડિયામાં લોકપ્રિયતા ધરાવનારા પ્રભાસને પાન ઈન્ડિયા સ્ટાર બનાવવાનું શ્રેય ‘બાહુબલિ’ને જાય છે. ‘બાહુબલિ’ની બે ફિલ્મો જેવી સફળતા પ્રભાસની અન્ય કોઈ ફિલ્મને મળી નથી. થોડા સમય પહેલા રિલીઝ થયેલી ‘સાલાર’ના કારણે પ્રભાસનું સ્ટારડમ જળવાઈ રહ્યું છે, પરંતુ પ્રભાસની ઈચ્છા ઈન્ટરનેશનલ સ્ટાર બનવાની છે. જેમાં ‘કલ્કિ ૨૮૯૮ એડી’ મદદરૂપ થઈ શકે છે. આ ફિલ્મના સેટ, વીએફએક્સ અને એક્શન સીક્વન્સને ઈન્ટરનેશનલ લેવલના રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને તેના કારણે ફિલ્મનું બજેટ સતત વધી રહ્યું છે. એક અંદાજ મુજબ ‘કલ્કિ ૨૮૯૮ એડી’નું બજેટ રૂ.૬૦૦ કરોડને વટાવે તેવી શક્યતા છે. હિન્દુ માઈથોલોજી અને સાયન્સના કોમ્બિનેશન સમાન ‘કલ્કિ ૨૮૯૮ એડી’નું પ્રોડક્શન વિજયંતી મૂવીઝ દ્વારા થઈ રહ્યું છે. તેમાં પ્રભાસની સાથે દીપિકા પાદુકોણ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન જેવા જાણીતા સ્ટાર્સ છે. પ્રભાસે અગાઉ એક ઈન્ટરવ્યૂ દરમિયાન ઈન્ટરનેશનલ સ્ટાર બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પોતાની ઓળખને માત્ર ભારત સુધી મર્યાદિત રાખવાના બદલે સમગ્ર વિશ્વમાં છવાઈ જવાના પ્રયાસો વચ્ચે પ્રભાસે ઓડિયન્સ પ્રત્યે પોતાની જવાબદારી હોવાનું પણ સ્વીકાર્યુ હતું. ભગવાન વિષ્ણુના દસમા અવતાર તરીકે કલ્કીને ઓળખવામાં આવે છે. કળિયુગના અંતમાં ભગવાન વિષ્ણુના દસમા અવતારનું પ્રાગટ્ય થશે અને તેઓ સમગ્ર વિશ્વને અંધકારમાંથી ઉજાસ તરફ દોરી જશે. ‘કલ્કિ ૨૮૯૮ એડી’નું શૂટિંગ શરૂ થયું ત્યારથી ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ તૈયાર કરવાનું આયોજન હતું. પાછલા વર્ષે સેન ડિયાગોમાં કોમિક-કોન ૨૦૨૩ દરમિયાન તેનું ટીઝર લોન્ચ થયું હતું. આ ઈવેન્ટમાં ટીઝર લોન્ચ કરનારી પ્રથમ ફિલ્મ હતી. તે સમયે ફિલ્મના હંગામી ટાઈટલ પ્રોજેક્ટ કે તરીકે ટીઝર શેર થયું હતું. આ પ્રસંગે પ્રભાસે જણાવ્યું હતું કે, ફિલ્મને ઈન્ટરનેશનલ ઓડિયન્સ માટે ડીઝાઈન કરવામાં આવી છે અને તેથી તેનું બજેટ સૌથી વધારે રાખવામાં આવ્યું છે અને દેશના શ્રેષ્ઠ કલાકારોનો સમાવેશ કરાયો છે. એક જ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને કમલ હાસન જેવા બે દિગ્ગજ કલાકારો સાથે કામ કરવાની તક મળવા બાબતે પ્રભાસે કહ્યું હતું કે, આવી તક મળશે તેવો સપને ય ખ્યાલ ન હતો. સામાન્ય રીતે ઈન્ટરનેશનલ માર્કેટમાં હિન્દી ફિલ્મો ભારતનું પ્રતિનિધિત્વ કરતી હોય છે. જો કે પ્રભાસની ‘કલ્કિ ૨૮૯૮ એડી’માં નવો ચીલો ચાતરવામાં આવશે. ફિલ્મનું શૂટિંગ તેલુગુમાં થશે અને ત્યારબાદ તેને પાંચ ભાષામાં રિલીઝ કરાશે. કોરોના મહામારી બાદ શરૂ થયેલા પાન ઈન્ડિયા ટ્રેન્ડને આ ફિલ્મમાં જારી રાખવામાં આવશે.

### દિગ્વિજય સિંહે વડાપ્રધાન મોદીને લખ્યો પત્ર

# શિવરાજ સિંહ ચૌહાણ અને વિશ્વાસ સારંગ પર લગાવ્યા ગંભીર આરોપ

## મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભાના સાંસદ દિગ્વિજય સિંહે નર્સિંગ કોલેજ ફ્રોડને લઈને પીએમ નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભાના સાંસદ દિગ્વિજય સિંહે નર્સિંગ કોલેજ ફ્રોડને લઈને પીએમ નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે વડાપ્રધાન પાસે પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને તત્કાલીન મેડિકલ એજ્યુકેશન મિનિસ્ટર વિશ્વાસ સારંગને આ છેતરપિંડીની તપાસ હેઠળ લાવવાની માંગ કરી છે. દિગ્વિજય સિંહે પીએમ મોદીને મોકલેલા પત્રમાં લખ્યું છે કે મધ્યપ્રદેશમાં છેલ્લા એક દાયકાથી ગુંજતા વ્યાપમ ભરતી કૌભાંડની શાહી હજુ સુકાઈ નથી ત્યારે વધુ એક નર્સિંગ કોલેજ કૌભાંડે રાજ્યની વિશ્વસનીયતાને કલંકિત કરી છે. આ બાબતમાં રાજ્ય સરકારની જવાબદાર એજન્સીઓ અને ટોચના સ્તરના રાજકારણીઓથી લઈને અમલદારો સંપૂર્ણ રીતે સંકળાયેલા છે અને સ્ટેકહોલ્ડરો છે. તેમણે આરોપ લગાવ્યો કે તાજેતરમાં તમારી બહુચર્ચિત એજન્સી સીબીઆઈના અધિકારીઓએ પણ કરોડો રૂપિયાની લાંચ લીધી છે અને મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર અત્યાર સુધીની તપાસને શંકાસ્પદ બનાવી છે. અગાઉની સરકારમાં પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને તેમના નજીકના મંત્રી વિશ્વાસ સારંગ આ નર્સિંગ કૌભાંડમાંથી બચવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. તેમના નાક નીચે અને અમલદારોના આશ્રય હેઠળ કરોડો રૂપિયાના વ્યવહારો થયા અને શિક્ષણ માફિયાઓને તમામ ધારાધોરણો વિરુદ્ધ જઈને કોરોનાના સમયગાળા દરમિયાન સેંકડો નર્સિંગ કોલેજો ખોલવાની મંજૂરી આપવામાં આવી.દિગ્વિજય સિંહે આગળ આરોપ લગાવ્યો અને લખ્યું, “તત્કાલીન મંત્રી પરિષદના સભ્યોની ઉશ્કેરણી પર, અધિકારીઓએ મધ્યપ્રદેશ નર્સિંગ શૈક્ષણિક સંસ્થાઓ માન્યતા અધિનિયમ ૨૦૧૮નો ભંગ કરીને ૩૦૦ થી વધુ નર્સિંગ કોલેજો ખોલી. આ નકલી કોલેજો પાસે પૂરતી જગ્યા નહોતી. એટલું જ નહીં, આ સંસ્થાઓમાં માઈગ્રન્ટ ફેકલ્ટીના નામે કામ કરતા શિક્ષણ માફિયાઓ અને અધિકારીઓની સાંઠગાંઠે પ્રિન્સિપલ સેક્રેટરીથી લઈને ટેકનિકલ એજ્યુકેશનના કમિશનર/નિર્દેશક સુધીના હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે, નર્સિંગ કોલેજમાં અભ્યાસ કર્યા વિના જ મધ્યપ્રદેશ સહિત બહારના રાજ્યોના યુવાનોને નર્સિંગ ડિગ્રી અને ડિપ્લોમા કોર્સની વિશ્વસનીયતા અપાઈ હતી.



### જાપાને સુરક્ષાની એડવાઇઝરી જારી કરી

# ઉત્તર કોરિયાએ શ્રેણીબદ્ધ મિસાઇલો છોડતા દ. કોરિયા સાથે તંગદિલી વધી

। (એજન્સી) સિઓલ, તા.૧ ।

લશ્કરી જાસૂસી ઉપગ્રહ છોડવામાં નિષ્ફળ રહ્યાં પછી ઉત્તર કોરિયાએ ગુરુવારે દક્ષિણ કોરિયાના દરિયાઇ તરફ શ્રેણીબદ્ધ કથિત બેલિસ્ટિક મિસાઇલો છોડ્યા હતાં. આ મિસાઇલો દરિયામાં પડી હતી અને તેનાથી કોઇ નુકસાનના અહેવાલ મળ્યા ન હતાં, પરંતુ ઉત્તર કોરિયાના આવા આક્રમક પગલાંથી બંને દેશો વચ્ચે તંગદિલીમાં વધારો થયો હતો. જાપાને પણ દરિયાઇ સુરક્ષા એડવાઈઝરી જારી કરી હતી. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે જણાવ્યું હતું કે આર્મીએ ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગ નજીકના વિસ્તારમાંથી છોડવામાં આવેલા ૧૦ પ્રોજેક્ટાઇલ ડિટેક્ટ કર્યા હતાં, જે ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલો હોવાની શક્યતા છે. આ શંકાસ્પદ મિસાઈલ્સ આશરે ૩૫૦ કિમીનું અંતર કાપીને ઉત્તરના પૂર્વીય દરિયાકાંઠે પડ્યાં હતાં. દક્ષિણ કોરિયાની આર્મીએ દેખરેખ અને તકેદારીમાં વધારો કર્યો છે તથા મિત્ર દેશો અમેરિકા અને જાપાનને માહિતી પહોંચાડી છે. ઉત્તર કોરિયાએ મિસાઈલો છોડ્યા પછી જાપાનના કોસ્ટ ગાર્ડે દરિયાઇ સુરક્ષા માટેની એડવાઇઝરી જારી કરીને જહાજોને જો કોઈ પડી ગયેલી વસ્તુઓ મળે તો સાવચેતી રાખવા વિનંતી કરી હતી. જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદાએ પત્રકારોને જણાવ્યું હતું કે શંકાસ્પદ મિસાઈલો જાપાનના એક્સકલૂઝિવ ઈકોનોમિક ઝોનની બહારના દરિયામાં પડ્યા હોવાનું માનવામાં આવે છે અને નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલો મળ્યા નથી. તેમણે કહ્યું હતું કે કે ટોક્યો તેની ભારે નિંદા કરે છે. આ મિસાઈલો યુએન સુરક્ષા પરિષદના ઠરાવોનું ઉલ્લંઘન કરે છે. ઉત્તર કોરિયાએ મંગળવારથી દક્ષિણ કોરિયા તરફ કચરો ભરેલાં સેંકડો બલૂન છોડ્યાં હતાં. આ પછી હવે તેને મિસાઈલો છોડ્યાં છે.

### ઈમરાન ખાને ઈન્ટરવ્યુમાં PAK આર્મી અને રાજનીતિ પર ઘણા રહસ્યો ખોલ્યા

# ‘જનરલ બાજવાના કાર્યકાળમાં વધારો કરવો એ મારા જીવનની સૌથી મોટી ભૂલ હતી’

## એપ્રિલ ૨૦૨૨રેમાં પીએમ પદ પરથી હટાવવામાં આવ્યા પછી, તેમની વિરુદ્ધ લગભગ ૨૦૦ કેસ નોંધાયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને (૭૧) કહ્યું છે કે પદ પર રહીને તેમને માત્ર એક જ વાતનો અફસોસ છે કે તેમણે જનરલ (નિવૃત્ત) કમર જાવેદ બાજવા પર વિશ્વાસ કર્યો. હાલ ઈમરાન જેલમાં છે. ઈમરાને પૂર્વ આમી ચીફ પર સેના પ્રમુખ તરીકે બીજી વખત એક્સટેન્શન મેળવવા માટે તેમના વિશે ‘સ્ટોરીઓ’ ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. એપ્રિલ ૨૦૨૨માં વિપક્ષ દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા સત્તા પરથી હટાવવામાં આવેલા ઈમરાન ખાને જનરલ બાજવા પર તેમની સરકાર વિરુદ્ધ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનો આરોપ લગાવ્યો હતો.ડોન અખબારના અહેવાલ મુજબ, એક ઈન્ટરવ્યુ દરમિયાન, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) રાજકીય પક્ષના સ્થાપક ઈમરાન ખાને દેશના રાજકીય અને સૈન્ય નેતાઓની ટીકા કરી હતી. ખાસ કરીને તેમના મિત્રમાંથી દુશ્મન બનેલા જનરલ બાજવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.ઈમરાન ખાને જેલની સજા માટે કોના પર આરોપ મૂક્યો તે પ્રશ્નના જવાબમાં કહ્યું, “મને ખાતરી છે કે આ બધું જનરલ બાજવા દ્વારા કરવામાં આવ્યું હતું. હું આ માટે અન્ય કોઈને જવાબદાર ઠેરવતો નથી પોતાની જાતને એક કપટી વ્યક્તિ તરીકે રજૂ કરી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અરાજકતા ઊભી કરવા માટે જૂઠાણું રચ્યું.ઈમરાન ખાને કહ્યું કે વડા પ્રધાન તરીકે, તેમણે ૨૦૧૯માં જનરલ બાજવા માટે ત્રણ વર્ષના એક્સટેન્શનને મંજૂરી આપી હતી, સેના પ્રમુખ નિવૃત્ત થવાના હતા તેના ત્રણ મહિના પહેલા. જો કે, ૨૦૨૨માં બોલ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને કહ્યું હતું કે તેણે એક્સટેન્શન આપીને ભૂલ કરી છે.તેમણે કહ્યું કે જનરલ બાજવાએ અમેરિકા જેવા દેશોમાં મારા વિશેની વાતો ફેલાવી અને મને અમેરિકન વિરોધી ગણાવ્યો કે તેમની સાથે સારા સંબંધોમાં રસ નથી. જનરલ બાજવાના અંગત લોભને કારણે તેમને પોર્સેલિનના વાસણમાં બળદ બનાવી દીધા છે.૮ ફેબ્રુઆરીની સામાન્ય ચૂંટણીઓ પછી, ઈમરાન ખાને કથિત ચૂંટણી ધાંધલધમાલનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે “ચોરાયેલ જનાદેશ” પરત આવ્યા પછી તેઓ કોઈપણ સંભવિત વાટાઘાટો માટે ખુલ્લા છે. પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ અને પાકિસ્તાન પીપલ્સ પાટીના શાસક ગઠબંધને ઈમરાન ખાનની પાટીને શેરીઓમાં વિરોધ કરવા અને સરકાર સાથે “અર્થપૂર્ણ” વાટાઘાટો કરવા માટે આહ્વાન કર્યું છે.



### બોબી કટારિયાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

માનવ તસ્કરીના કેસમાં ધરપકડ કરાયેલા સોશિયલ મીડિયા પ્રભાવક બળવંત ઉર્ફે બોબી કટારિયાને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. પોલીસે જણાવ્યું કે ૩૩ લોકોને નોકરી અપાવવામાં મદદ કરવાના બહાને વિદેશ મોકલવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે કટારિયાની ગુરુગ્રામ પોલીસે સોમવારે ધરપકડ કરી હતી અને તેના ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પૂરા થયા બાદ, તેને શુક્રવારે શહેરની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.પોલીસે અગાઉ તેના કબજામાંથી ૨૦ લાખ રૂપિયા રોકડા અને ચાર મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. તેણે કહ્યું કે પોલીસ રિમાન્ડ દરમિયાન કટારિયા પાસેથી વધુ બે મોબાઈલ ફોન અને નવ પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, “કટારિયાએ કબૂલાત કરી છે કે તે લોકોને વિદેશમાં નોકરીની લાલચ આપીને છેતરતો હતો અને વિદેશ ગયા પછી, કટારિયા તેના ભાગીદાર મંજુ સિંહ સાથે મળીને સાયબર છેતરપિંડી કરવા માટે દબાણ કરતો હતો.” તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ દ્વારા વિદેશમાં નોકરીની ખાલી જગ્યાઓ. તેઓએ પીડિતો પાસેથી કેટલાક પૈસા પણ એકત્રિત કર્યા, અધિકારીએ જણાવ્યું હતું. મંજુ સિંહની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી.



ભારતીય પુરૂષ હોકી ટીમે FIH મેન્સ હોકી પ્રો લીગ ૨૦૨૩-૨૪ યુરોપ લેગ એન્કાઉન્ટરમાં વિશ્વ ચેમ્પિયન જર્મનીને ૩-૦થી હરાવ્યું.

# મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમને મેસેજ મોકલનાર વ્યક્તિની ધરપકડ કરી

## છેલ્લા કેટલાક સમયથી દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ, જયપુર અને લખનઉ જેવા શહેરોની શાળાઓ અને હોસ્પિટલોને ધમકીભર્યા ઈ-મેલ મળી રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમને ૨૭ મેના રોજ ધમકીભર્યો કોલ આવ્યો હતો. જેમાં ફોન કરનારે કહ્યું કે મુંબઈની તાજ હોટલ અને મુંબઈ એરપોર્ટ પર બોમ્બ મુકવામાં આવ્યા છે. આટલું કહીને તેણે ફોન કાપી નાખ્યો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસે ઉલ્લેખિત સ્થળની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ, ક્યાંય પણ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. હવે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. કંટ્રોલ રૂમને બોમ્બની ધમકીનો મેસેજ મોકલનાર આરોપીની મુંબઈ પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આરોપીનો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો છે. આરોપીઓએ એરપોર્ટ અને તાજ હોટલને ઉડાવી દેવાની ધમકી આપી હતી. તેની ઉત્તર પ્રદેશમાંથી ધરપકડ કરવામાં આવી છે. જોકે, ધમકી પાછળનો હેતુ હજુ સુધી જાણી શકાયો નથી.વાસ્તવમાં, સોમવારે, ૨૭ મેના રોજ, મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમને ધમકીભર્યો કોલ આવ્યો હતો. જેમાં ફોન કરનારે જણાવ્યું હતું કે મુંબઈની તાજ હોટલ અને મુંબઈ એરપોર્ટ પર બોમ્બ મુકવામાં આવ્યા છે. આટલું કહીને તેણે ફોન કાપી નાખ્યો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસે ઉલ્લેખિત સ્થળની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ, ક્યાંય પણ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. બીજી તરફ પોલીસ કોલ કરનાર વ્યક્તિને શોધી રહી હતી.તમને જણાવી દઈએ કે આ પહેલા પણ બેંગલુરુની ઘણી મોટી અને આલીશાન હોટલ, લેડી શ્રી રામ કોલેજ અને રાજધાની દિલ્હીની શ્રી વેંકટેશ્વર કોલેજ, ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને દિલ્હીની ૧૫૦ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મોકલવામાં આવ્યો હતો.

### સ્ટેબિલિટી સર્ટિફિકેટ જારી થવાના ૨ મહિના પહેલા જ હોર્ડિંગ લગાવવામાં આવ્યું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

૧૩ મેના રોજ મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં હોર્ડિંગ અકસ્માતમાં ૧૭ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ, સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ મળ્યાના બે મહિના પહેલા આ હોર્ડિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત પછી ધરપકડ કરાયેલા સ્ટ્રક્ચરલ એન્જિનિયર મનોજ સાંઘુએ સંબંધિત એડવર્ટાઈઝિંગ ફર્મ દ્વારા સ્થાપિત ૨૫ થી વધુ સ્ટ્રક્ચર્સ માટે આવા સ્થિરતા પ્રમાણપત્રો આપ્યા હતા.ક્રાઈમ બ્રાન્ચની તપાસ મુજબ, મનોજ સાંઘુએ ગયા વર્ષે ૨૪ એપ્રિલે હોર્ડિંગ માટે ટકાઉપણું પ્રમાણપત્ર જારી કર્યું હતું.

### સિક્કિમ સરહદે અદ્યતન સ્ટીલ્થ યુદ્ધવિમાનો તૈનાત કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સિક્કિમ સીમા પરની કેટલીક સેટલાઈટ તસવીરોમાં ચીનની અવળચંડાઈનો વધુ એક પુરાવો મળ્યો છે. ૨૭મેએ લેવામાં આવેલી સેટેલાઈટ તસવીરોમાં દેખાય છે કે ચીને સિક્કિમમાં ભારત સાથેની સીમાથી ૧૫૦ કિમીથી પણ ઓછા અંતરે તેના સૌથી અદ્યતન J-20 સ્ટીલ્થ યુદ્ધવિમાનો તૈનાત કર્યા છે. ચેંગડુ J-20 યુદ્ધવિમાનોને માઈટી ડ્રેગન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિમાનોને રડારમાં પણ ડિટેક્ટ કરી શકાતા નથી. સેટેલાઈટ તસવીરો જીઓ સ્પેશિયલ ઈન્ટેલિજન્સ કંપની ઓલ સોર્સ એનાલિસિસ લીધેલી છે. તસવીરમાં બહાર આવ્યું છે કે ચીને તિબેટના બીજા સૌથી મોટા શહેર શિગાત્સેના બેવડા-ઉપયોગના એરપોર્ટ પર ફ્લાઈટ-લાઈન પર છ ચાઈનીઝ એર ફોર્સ J-20 સ્ટીલ્થ ફાઈટર તૈનાત કર્યા છે. આ એરપોર્ટ ૧૨,૪૦૮ ફૂટની ઉંચાઈ પર આવેલું છે, તે વિશ્વના સૌથી ઊંચા એરપોર્ટમાં સ્થાન ધરાવે છે. આ એરપોર્ટ પર એક KJ-500 એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ એરક્રાફ્ટ પણ દેખાય છે. ભારતીય એરફોર્સ (IAF)ને J-20 યુદ્ધવિમાનોની તૈનાતીની જાણકારી છે. જોકે હાલના સમયે આ વિમાની હાજરી અંગે એરફોર્સે ટીપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. ઓલ સોર્સ એનાલિસિસના ટેક્નોલોજી એન્ડ એનાલિસિસ ડિવિઝનના વાઈસ પ્રેસિડન્ટના જણાવ્યા અનુસાર J-20 સ્ટીલ્થ ફાઈટર ચીનના અત્યાર સુધીના સૌથી અદ્યતન યુદ્ધવિમાનો છે. આ વિમાનો મુખ્યત્વે ચીનના પૂર્વીય પ્રાંતો ગોઠવામાં આવેલા છે. જોકે આ યુદ્ધવિમાનોને તેમના સામાન્ય કાર્યક્ષેત્રની બહાર એટલે કે તિબેટમાં શિગાત્સે ખાતે ભારતીય સરહદની નજીક ગોઠવવામાં આવેલા છે. મહત્ત્વની બાબત એ છે કે શિગાત્સે પશ્ચિમ બંગાળના હાસીમારાથી ૨૯૦ કિમીથી ઓછા અંતરે આવેલું છે. હાસીમારામાં ભારતે ૧૬ રાફેલની બીજી સ્ક્વોડ્રન ગોઠવેલી છે. ચીને J-20 યુદ્ધવિમાનો તિબેટમાં તૈનાત કર્યા હોય તેવું આ પ્રથમ વખત નથી. ૨૦૨૦ અને ૨૦૨૩ દરમિયાન શિનજિયાંગમાં પણ આ જેટ જોવા મળ્યાં હતા. જોકે આ J-20ની સૌથી મોટી જમાવટ હોવાનું માનવામાં આવે છે.

**વિશેષ** | ગુજરાત કોલેજ ખાતે ૮-અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકની મતગણતરી માટેની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી

# અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ અમદાવાદની ગુજરાત કોલેજ ખાતેના મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી

। (માહિતી) અમદાવાદ ।

સમગ્ર દેશમાં લોકસભા સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ અંતર્ગત તારીખ ૪ જૂન, ૨૦૨૪ના રોજ મતગણતરી યોજાનાર છે. ગુજરાત રાજ્યમાં મતગણતરી કેન્દ્રો તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. અમદાવાદ શહેરની બન્ને લોકસભા બેઠકોનાં મતગણતરી કેન્દ્રો તૈયાર કરવાની કામગીરી આખરી તબક્કામાં ચાલી રહી છે.

અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ અમદાવાદની ગુજરાત કોલેજ ખાતે તૈયાર કરાયેલા મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી. મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તેમણે મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી આ બાબતે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદની ગુજરાત કૉલેજ ખાતે ૮- અમદાવાદ પશ્ચિમ (અ.જા.) બેઠકની મતગણતરી કરવામાં આવશે, જેમાં અમરાઈવાડી, એલીસબ્રિજ, અસારવા, દાણીલીમડા, દરિયાપુર, જમાલપુર-ખાડિયા અને મણિનગર વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે. આ સાતેય મતક્ષેત્રોના મતગણતરી કેન્દ્રો ઉપરાંત પોસ્ટલ બેલેટની ગણતરીનું કેન્દ્ર પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે.

આ મુલાકાત દરમિયાન ઝોન-૭ના ડીસીપી શ્રી શિવમ વર્મા, અમદાવાદ જિલ્લા અધિક ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







## ન્યૂઝ બ્રિફ

### દારૂબંધીના કાયદામાં મોટો ફેરફાર કરવાની તૈયારીમાં ગુજરાત સરકાર

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાત સરકાર હવે પ્રોહિબિશન એક્ટ એટલે કે દારૂબંધીના કાયદામાં ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. રાજ્ય સરકાર હવે દારૂબંધીના કાયદામાં ફેરફાર કરવા માટે એક વટહુકમ બહાર પાડે તેવી શક્યતા છે જે સરકારને આવા કેસોમાં અંતિમ આદેશ આપવામાં આવે તે પહેલા જ દારૂ અને અન્ય નશીલા પદાર્થો લાવવા-લઈ જવા માટે જપ્ત કરાયેલા વાહનોની હરાજી કરી શકશે. સરકાર દ્વારા આ વર્ષની શરૂઆતમાં વિધાનસભાના બજેટ સત્રમાં પ્રોહિબિશન એક્ટમાં સુધારો કરવાના બિલનો ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જોકે, સત્ર દરમિયાન તે ટેબલ પર આવ્યો ન હતો. સરકારમાં રહેલા ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે, વિધાનસભા સચિવાલયમાં સબમિટ કરાયેલા બિલના ડ્રાફ્ટમાં થોડા નાના ફેરફારો થવાની અપેક્ષા છે. પ્રોહિબિશન એક્ટમાં સૂચિત સુધારાઓ વટહુકમના રૂપમાં બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે, જે સામાન્ય ચૂંટણી પૂર્ણ થયા પછી ટૂંક સમયમાં જાહેર થવાની સંભાવના છે.

### ફોર્ચ્યુનર કારના ચાલકે એક નિર્દોષને ટક્કર મારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરમાં તથ્ય પટેલે સર્જેલા અકસ્માતને લોકો હજુ સુધી કોઈ ભુલી શક્યા નથી. ત્યા હવે ફરી એક નબીરાએ અકસ્માત સર્જ્યો છે. શુક્રવારે સાંજે સગીરે એક પોશ વિસ્તારમાં પુરપાટ ઝડપે કાર હંકાવીને એક કિશોરીને અડફેટે લેતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. અમદાવાદમાં થલતેજ પાસે સાંદીપની સોસાયટી નજીક નબીરાએ પૂર ઝડપે તેમજ ગફલતભરી રીતે કાર હંકારી અકસ્માત સર્જ્યો હતો. આજની નવયુવાન પેઢી મોજ-મસ્તીમાં મશગુલ હોય છે. તેઓ પોતાની મસ્તીમાં જીવન માણવામાં માનતા હોય છે. આવી જ મસ્તીમાં લીન એક સગીર યુવકે ઝડપથી ગાડી હંકારી એક નિર્દોષને અડફેટમાં લેવાની ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના સપન્ન કહેવાતા વિસ્તારમાં રહેતા એક ૧૭ વર્ષીય યુવાને સાંજના સમયે એક ૧૬ વર્ષીય સગીરાને ટક્કર મારી હતી. ટક્કર વાગતા સગીરાને ગંભીર ઈજાઓ પહોંચતા પરિવારે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી હતી, જ્યાં તેની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે.

### રાજકોટ ભાજપના નેતાઓ નહીં દેખાતા લોકોમાં રોષ

# કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા રડી પડ્યા





। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડની ઘટનામાં ૨૭ લોકોના મોત થયાં છે. આ ઘટનામાં રાજકોટ ભાજપના નેતાઓ નહીં દેખાતા લોકોમાં રોષ ફેલાયો છે. રાજકોટ બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા અને રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાને લોકોએ ઘેરી લીધા હતાં. ત્યાર બાદ ઘટનાના એક સપ્તાહ જેટલા સમય બાદ સ્થાનિક નેતાઓ અને મંત્રી મીડિયા સામે આવ્યાં છે. ભાજપના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા ઘટનાને લઈ મીડિયા સમક્ષ રડી પડ્યા હતા. બીજી તરફ રાજકોટના ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ પણ મીડિયા સમક્ષ આવ્યા છે. કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું કે, ઘટનામાં મારું નામ ખુલશે તો જાહેર જીવન છોડી દઈશ. ૨૫ મેને શનિવારે TRP ગેમ ઝોન દુર્ઘટના બની ત્યારે હું રાજકોટમાં નહોતી. જો કે, બીજા દિવસે રાજકોટ પહોંચી તે સાથે છે સિવિલ હોસ્પિટલે મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને મળી હતી અને સાંત્વના પાઠવી હતી. SITની રચના કરવામાં આવી છે ત્યારે તેમાં જે કોઈ પણ જવાબદાર હશે તેમની સામે પગલા લેવામાં આવશે. રાજકોટના ભાજપના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા આજે ઘટનાને લઈ મીડિયા સમક્ષ રડી પડ્યાં હતાં.રાજકોટ ભાજપનાં પૂર્વ ધારાસભ્ય અને સિનિયર નેતા ગોવિંદ પટેલે જણાવ્યું હતું કે, TRP ગેમ ઝોનમાં બનેલી દુર્ઘટના શરમજનક છે. આ પ્રકારની ઘટના બીજી વખત ન બને તે માટે સરકાર સતર્ક છે. જેથી ઉચ્ચ કક્ષાની SITની રચના કરી દીધી છે. SIT જે દિશામાં કાર્યવાહી કરી રહી છે અને એક્શન લઈ રહી છે તે યોગ્ય છે. જેમાં જે કોઈ પણ જવાબદાર છે તેમને સરકાર છોડશે નહીં તેવા મક્કમ નિર્ધાર સાથે જ SITની રચના કરવામાં આવી છે. રાજકોટની ઘટનાને કારણે રાજ્યભરમાં જ્યાં જ્યાં અસુવિધાઓ છે ત્યાં તપાસ કરવામાં આવી રહી છે. આ તકે તેમણે કહ્યુ કે, જો આ ઘટનામાં મારી સામે ગેરરીતિ સાબિત થશે તો ત્યારે ગોવિંદ પટેલ નહીં હોય. સરકાર યોગ્ય દિશામાં તપાસ કરી રહી છે. જે કોઈ દોષિતો હશે તેના મૂળ સુધી SIT જશે. તપાસ કઈ દિશામાં કરવી તે SITનો વિષય છે.

### તલાલા નજીક નોંધાયું કેન્દ્રબિન્દુ

# ભરબપોરે ગીર સોમનાથમાં ભૂકંપના આંચકાથી ફફડાટ

### બપોરે આવેલા ભૂકંપના આંચકાથી લોકોમા ફફડાટ ફેલાયો છે

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧ ।

ગીર સોમનાથમાં ફરી એકવાર ભૂકંપના ઝટકા અનુભવાયા છે, અચાનક બપોરે આવેલા ભૂકંપ ના આંચકાથી લોકોમા ફફડાટ ફેલાયો છે. આજે બપોરે સવા બાર વાગ્યાની આસપાસ ગીર સોમનાથમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિન્દુ તાલલાથી ૧૩ કિમી દુર નોંધાયુ હતુ. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનાથી ગીર સોમનાથ જિલ્લામાં સતત ભૂકંપના આંચકા આવી રહ્યાં છે. ગઈકાલે પણ ગીર સોમનાથમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, આજે સતત બીજા દિવસે બપોરે ૧૨.૧૭ વાગ્યે ગીર સોમનાથના તાલાલામાં ૨.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ તાલાલાથી ૧૩ કિ.મી દુર નોંધાયુ હતુ. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક મહિનાથી અહીં સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યાં છે. અહીં એક મહિનામાં ૧૫થી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર ૨.૦ થી ઓછી તીવ્રતાવાળા ધરતીકંપોને સૂક્ષ્મ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને અનુભવી શકાતા નથી. રિક્ટર સ્કેલ પર સૂક્ષ્મ શ્રેણીના ૮,૦૦૦ ભૂકંપ વિશ્વભરમાં દરરોજ નોંધાય છે. તેવી જ રીતે, ૨.૦ થી ૨.૯ ની તીવ્રતાવાળા ધરતીકંપોને માઈનોર કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. આવા ૧,૦૦૦ ધરતીકંપો દરરોજ આવે છે, જે આપણે સામાન્ય રીતે અનુભવતા પણ નથી. ૩.૦ થી ૩.૯ ની તીવ્રતાના અત્યંત હળવા ધરતીકંપ એક વર્ષમાં ૪૯,૦૦૦ વખત નોંધાયા છે. તેઓ અનુભવાય છે પરંતુ ભાગ્યે જ કોઈ નુકસાન પહોંચાડે છે. લાઈટ શ્રેણીના ધરતીકંપો ૪.૦ થી ૪.૯ તીવ્રતાના હોય છે જે સમગ્ર વિશ્વમાં એક વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત રિક્ટર સ્કેલ પર નોંધાય છે. આ આંચકા અનુભવાય છે અને તેના કારણે ઘરની વસ્તુઓ હલતી જોવા મળે છે. જો કે, તેઓ નજીવું નુકસાન પહોંચાડે છે.

### અમદાવાદની કેટલીક સ્કૂલોએ વર્ગ ઘટાડાની દરખાસ્ત કરી

# શહેરની ૧૪ સ્કૂલના ધો.૧૦ અને ધો. ૧૨ના ક્રમિક વર્ગો બંધ થશે

### સ્કૂલોએ DEO સમક્ષ વર્ગ ઘટાડાની દરખાસ્ત કરી : હીયરિંગ બાદ વર્ગ ઘટાડો થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરમાં આવેલી શાળાઓ પાસેથી ક્રમિક વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત મગાવવામાં આવી હતી. જેના અનુસંધાને અમદાવાદ શહેરની ૧૪ સ્કૂલોના વર્ગ ઘટાડા માટે ડીઈઓ કચેરી સમક્ષ દરખાસ્ત કરી હતી. જેથી હવે વર્ગ ઘટાડાની કાર્યવાહી માટે સ્કૂલોનું હીયરિંગ રાખવામાં આવ્યું છે. હીયરિંગની કાર્યવાહી બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આ સ્કૂલોમાં વર્ગ ઘટાડાના આદેશ કરવામાં આવશે. ૧૪ સ્કૂલોના વર્ગ ઘટાડા માટે ૫ અને ૬ જૂનના રોજ હીયરિંગનું આયોજન કરાયું હોવાનું જાણવા મળે છે. અગાઉ આ સ્કૂલોના વર્ગ ઘટાડા માટે હીયરિંગ રાખવામાં આવ્યું હતું, પરંતુ હિટવેવના પગલે હીયરિંગ મોકૂફ રાખવામાં આવ્યું હતું. ધો.૧૦ અને ધો.૧૨માં નક્કી કરવામાં આવેલી વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી શાળાઓ પાસેથી ક્રમિક વર્ગ ઘટાડા માટેની દરખાસ્તો મગાવવામાં આવી હતી. વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત કરવા માટે શાળાઓને સમય આપ્યા બાદ શહેરની ૧૪ સ્કૂલોએ કચેરી સમક્ષ ક્રમિક વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરી હતી. જેથી હવે ડીઈઓ કચેરીએ વર્ગ ઘટાડાની કાર્યવાહી શરૂ કરી છે. જેમાં રૂબરૂ હીયરિંગમાં અમદાવાદ શહેરની ૧૪ સ્કૂલોના ક્રમિક વર્ગ ઘટાડાનું હીયરિંગ ૫ અને ૬ જૂનના રોજ બપોરે ૧૨ કલાકે કચેરી ખાતે રાખવામાં આવ્યું છે. વર્ગ ઘટાડા માટેનું હીયરિંગ પૂર્ણ થયા બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્કૂલોના વર્ગ ઘટાડાના આદેશ કરવામાં આવશે. આમ, આ સ્કૂલોમાં વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોવાના લીધે હીયરિંગ બાદ તાકીદે નિર્ણય જાહેર કરાશે. જેથી નવા શૈક્ષણિક વર્ષ પહેલા વર્ગ ઘટાડો થઈ જશે. ક્રમિક વર્ગ ઘટાડાને લઈને અમદાવાદ શહેર ડીઈઓ રોહિત ચૌધરી દ્વારા અગાઉ હીયરિંગ રાખવામાં આવ્યું હતું. પરંતુ રાજ્યમાં હિટવેવના પગલે આ હીયરિંગ મોકૂફ રાખવામાં આવ્યું હતું.

# IRCTC લઈને આવ્યું છે ૩એ.સી સ્પેશ્યલ ચાર્ટર્ડ કોચ કાશ્મીર સાથે માતા વૈષ્ણો દેવી

। અમદાવાદ, તા.૧ ।

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત ૩એ.સી સ્પેશ્યલ ચાર્ટર્ડ કોચ દ્વારા સ્વર્ગ નો અનુભવ કરાવતું કાશ્મીર નો પ્રવાસ લઈને આવી ગયું છે. ગાંધીનગર રેલવે સ્ટેશન થી ૩એ.સી સ્પેશ્યલ ચાર્ટર્ડ કોચ દ્વારા કાશ્મીર નું પેકેજ તારીખઃ ૦૧.૦૬.૨૦૨૪ અને ૧૩.૦૬.૨૦૨૪ એ ટ્રેન નંબર ૧૯૨૨૩ થી ઉપડશે. જેમાં તમે કલોલ, મહેસાણા, ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાર, જોધપુર થી બોર્ડિંગ કરી શકાય છે. માતા વૈષ્ણો દેવી ના દર્શન અને શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ ની સુંદરતા ની મજા માણી શકો છો. ટૂર પેકેજ માં સામેલઃ 3AC રીટર્ન ટ્રેન ટિકિટ, જમ્મુ રેલવે સ્ટેશન થી પીક-અપ અને ડ્રોપ ની સુવિધા, ટ્રેન માં જમવાનું, હોટેલ માં જમવાનું, સઈટસીઈંગ માટે નોન- એસી વ્હીકલ ગ્રુપ પ્રમાણે. હોટેલ માં રાત્રી રોકાણઃ ૨ રાત્રી કટરા, ૧ રાત પહલગામ, ૩ રાત્રી શ્રીનગર, ૧ રાત હાઉસબોટ, ૧ રાત જમ્મુ. તમામ જોવાલાયક સ્થળો અને પર્યટન પ્રવાસ માર્ગ (પોઈન્ટ ટુ પોઈન્ટ બેસિસ) મુજબ. મુગલ ગાર્ડન્સના સ્થાનિક જોવાલાયક સ્થળો. (નિશાત ગાર્ડન, શાલીમાર ગાર્ડન અને ચેશ્મા શાહી ગાર્ડન). દાલ તળાવમાં ૦૧ કલાક સુધી શિકારા રાઈડ. વ્યક્તિ દીઠ દિવસ દીઠ ૧ લિટર પાણીની બોટલ, યાત્રા વીમો, ઉપરના દરોમાં તમામ કર અને સેવા શુલ્કનો સમાવેશ થાય છે.

IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પેકેજમાં બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC ની વેબસાઈટ (www.irctctourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન ટૂર પેકેજ બુક કરાવી શકે છે. તમે અમારો WhatsApp (૯૬૫૩૬૬૧૭૧૭) દ્વારા સંપર્ક કરી શકો છો અથવા વધુ માહિતી અને બુકિંગ માટે www.irctctourism.com પર લોગ ઈન કરો. અમને ઈમેઈલ કરોઃ roadi@irctc.com. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ.આર.સી.ટી.સી.ની ઓફિસમાં નીચેના ફોન નંબર પર સંપર્ક કરો.

## નિકોલના વેપારી સાથે રૂ. ૩૭.૨૮ લાખની ઠગાઈની ફરિયાદ નોંધાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

નિકોલના વેપારી સાથે ગાંધીનગરના ઠગ દંપતીએ માલસામાન ખરીદીને રૂ.૩૭.૨૮ લાખની ઠગાઈ આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ગાંધીનગરના વેપારીએ વિશ્વાસ કેળવવા માટે શરૂઆતમાં નિકોલના વેપારી પાસેથી જેટલો પણ માલસામન ખરીદ્યો તેના રૂપિયા સમયસર ચૂકવી આપ્યા હતા. બાદમાં ગત વર્ષના માર્ચથી સપ્ટેમ્બર મહિના સુધીમાં રૂ. ૧.૪૨ કરોડનો લોખંડનો માલસામાન ખરીદ્યો હતો અને તેના થોડા દિવસોમાં જ આરટીજીએસ મારફતે નિકોલના વેપારીને રૂ.૧.૪ કરોડ ચૂકવ્યા હતા અને બાકી નીકળતા રૂ. ૩૭.૨૮ લાખ ચૂકવવા ગાંધીનગરના ઠગ દંપતી બહાના બતાવવા લાગ્યા હતા અને મોબાઈલ તથા ઓફિસ પણ બંધ કરીને ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળતા વેપારીએ નિકોલ પોલીસમાં હિતેશ પંચાલ તથા તેમની પત્ની રૂતુજા પંચાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં રહેતા ૩૭ વષીય જગદીશકુમાર પરિહાર ઘરેથી લોખંડની પાઈપ નો લે-વેચનો ધંધો કરે છે.

# ઓબ્ઝર્વર શ્રી અભિનવ ચંદ્રાએ અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી

### એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે યોજાનાર મતગણતરી પ્રક્રિયાની તૈયારીઓની કરી સમીક્ષા



। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

તારીખ ૪ જૂનના રોજ સમગ્ર રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત મતગણતરી યોજાનાર છે. રાજ્યભરમાં મતગણતરી કેન્દ્રો તૈયાર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે.

ઓબ્ઝર્વર શ્રી અભિનવ ચંદ્રાએ ૭-અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને તૈયારીઓની સમીક્ષા કરી હતી. આગામી ૪ જૂનના રોજ અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ ખાતે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકની મતગણતરી થનાર છે. આ મુલાકાત સમયે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી નેહા ગુપ્તા અને ઝોન -૧ ડીસીપી શ્રી હિમાંશુ વર્મા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓબ્ઝર્વરશ્રીએ મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈને મતગણતરી અંગેની વ્યવસ્થાઓ તથા સુરક્ષા વ્યવસ્થા સહિતની તૈયારીઓ નિહાળી હતી તેમજ આ બાબતે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### મહિલાએ તેના પતિ, સાસરિયાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી

# પતિ અનેક સ્ત્રી સાથે અનૈતિક સંબંધો રાખતો હોવાના મામલે પત્નીની ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

શહેરમાં રહેતી એક મહિલાએ તેના પતિ, સાસરિયાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ પતિ અનેક સ્ત્રીઓ સાથે અનૈતિક સંબંધ ધરાવતો હતો. તેથી પરિણીતા પરિવાર સાથે ઘર બદલીને રહેવા લાગી હતી. તેનો પતિ પાડોશી યુવતી સાથે પણ પ્રેમસંબંધ બાંધીને મૈત્રી કરાર કરીને બે વખત ભાગી ગયો હતો. પત્ની શરીર સુખ આપતી ન હોવાથી અન્ય સંબંધ બાંધતો હોવાનું કહીને પતિ મહેણાં મારતો હતો. કંટાળેલી પરિણીતાએ શહેરકોટડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. સરસપુરમાં રહેતી ૪૦ વષીય મહિલાના ૨૧ વર્ષ પહેલાં લગ્ન થયા હતા. દસેક વર્ષથી તેનો પતિ યોગ્ય રીતે ન રાખીને બીજી સ્ત્રીઓ સાથે લફરા કરતા પત્ની ત્રાહિમામ પોકારી ઊઠી હતી. પત્ની આ બાબતે પતિ સાથે વાત કરે ત્યારે શરીર સુખ ન આપતી હોવાથી અન્ય સંબંધ બાંધતો હોવાનું કહીને મહેણા મારતો હતો. આ બાબતોનો ઝઘડો કરી માર મારતો હતો. પતિ અવારનવાર સાસરિયાંને ફોન કરીને તેમની પુત્રીને લઈ જવાનું કહેતો હતો.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨